Held a meeting-સભા ભરી. inf. To hold.
Alive-ઍલાઇવ-જીવતા.
Plan-પ્લૅન-યુક્તિ.
Lord-લૉર્ડ-ધણી; સાહેબ.
Starve-સ્ટાર્વ-ભૂખે મરવું.
If it please you-જો તમને પસંદ પડે તો.
Number-નમ્બર-સંખ્યા.
Will save the trouble-મહેનત બચાવશે; મહેનતમાંથી મુક્ત
કરશે.

Safety-સેઇફ્ટી-સલામતી; નિર્ભયપણું.
Reign-રેઇન્-n. રાજ્ય.
Later-લેઇટર્-વધારે મોડું.
Arrangement-ઍરેઇન્જમેન્ટ્-ગોઠવણ.
Cast-કાસ્ટ્-નાંખ્યા.
Lots-લૉટસ્-ચીઠ્ઠી.
To cast lots-ચીઠ્ઠીઓ નાંખવી; (રમળના) પાસા નાંખવા.
Of his own accord-પોતાની મેળે; પોતાની મરજીથી.
It-turn-વારો આવ્યો.
In any case-કોઇ પણ રીતે.
I-haste-મારે ઉતાવળ કરવી જોઇએ નહિ.
By the time-set-તે સિંહની બખોલ પાસે ગયો તે વખતે સૂર્ય અસ્ત પામ્યો હતો.
For-two—આગલા એક બે દિવસ થયાં.
Lashing-ઝપાટા મારતો.
Growling-ગ્રાઉલીંગ્-ઘુરકતો.
How—waiting—મને સહ જોવડાવવાની તું કેવી રીતે હિંમત ધરે છે.
I begged—come-મેં તેને મને આવવા દેવાની વિનંતી કરી.
He made me promise-તેણે મને વચન આપ્યું.
Flew-ફ્લ્યુ-ઉડ્યો. inf. To fly; pp. flown.
Go in front-ચાલ આગળ.
To insult-ટુ ઇન્સલ્ટ્-અપમાન કરવું.
Went on-આગળ ચાલ્યું.

Deep–ડીપ–ઉંડો.
Whispered–વ્હિસ્પર્ડ–કાનમાં કહ્યું; ગુપચુપ કહ્યું.
Gnashing–નૅશિંગ્–કચકડાવીને.
Terribly–ટેરિબ્લી–ભયંકર રીતે.
Was drowned–વૉઝ્ ડ્રાઉન્ડ–ડુબી ગયો.
Clever–ક્લેવર્–હોંશિયાર.
Delivered–ડિલીવર્ડ–મુક્ત કર્યો.
Enemy–એનિમી–દુશ્મન.

---

34. The Jackal who had lost his Tail.

(ધ જેકૅાલ હુ હૅડ લૉસ્ટ્ હીઝ્ ટેઇલ).

કપાયેલી (ખોવાયેલી) પુંછડીવાળા શિયાળ વિશે.

Alas!–એલાસ્–અફસોસ!
Have lost–હૅવલૉસ્ટ્–ખોઈ છે. inf. To lose; pt. lost.
Sob–સૉબ–ડસકાં ખાઉં છું; નિસાસો નાંખું છું.
Sigh–સાઇ–ઉદ્વેગ કરૂં છું.
Grow pale–ગ્રો પેઇલ–ફિક્કા થાય છે.
Curled–કર્લ્ડ–વાંકી વળતી; ગુંછળું વળતું.
Chilly–ચિલી–શરદ; ઠંડું.
Would tuck–ચાલી દેતો; દાબી દેતો.
I frightened felt–મને બીક લાગતી, હું ભયભિત થતો.
Mystery–મિસ્ટરી–ગહન વાત.

It would—palc—તે બહાદુરમાં બહાદુર માણસને નરમ કરી નાંખે.
Pack—પૅક્—ટોળું.
Likewise—તે પ્રમાણે; તેજીજ રીતે.
Rows—રો'ઝ્—હારો.
Bawls—બૉલ્સ—બુમો પાડીને બોલે છે.
With the air of—ના ફાંકાથી.
Venture—વેન્ચર્—સાહસ કરૂં છું; હિમત ધરૂં છું.
Sickly—સિક્લિ માંદા.
Let us change—આપણે ફેરફાર કરો; સુધારો કરો.
Inconvenient—ઇનકન્વિનિઅન્ટ—અગવડ વાળી.
Panther—પૅન્થર્—ચિત્તા.
In short—ઇન્ શૉર્ટ—ટુંકામાં; સંક્ષેપમાં.
To cough—ટુ કૉફ્—ઉધરસ ખાવી.
Hoarse—હો'ર્સ—બેસી ગયેલા ઘાંટાવાળો.
Propose—પ્રોપો'ઝ્—દરખાસ્ત મૂકું છું.
Wink—વિંક્—આંખનો મચકારો.
Steady—સ્ટેડિ—સ્થિર.
To part with—કાઢી નાંખવી
Giver, n.—આપનાર.
Benefit—બેનિફિટ્—ફાયદો કરવા.

35. *Washington the General.*

(વૉશિંગ્ટન્ ધ જનરલ્).

સરદાર વૉશિંગ્ટન.

The General-ધ જનરલ્-સરદાર.

Truthful-ટ્રુથફુલ્-પ્રમાણિક; સાચો

He was—truthful-તે પ્રમાણિક હતો એટલુંજ નહિ.

Dressed-ડ્રેસ્ડ્-પોશાક પહેરેલો.

Ordinary gentleman-ઑર્ડિનરી જેન્ટ્‌લમૅન્-સાધારણ ગૃહસ્થ,

Lift-લિફ્ટ્-ઉંચકવું.

Corporal-કૉર્પોરલ્-લશ્કરની ટુકડીમાં સૌથી નીચા દરજ્જાનો સિપાઈનો અમલદાર; નાયક.

Petty-પેટી-નાનો.

Grand-ગ્રાન્ડ્—મોટો.

He was—them-તે એટલો મોટો માણસ હતો કે તેનાથી કોઈને મદદ કરાય નહિ.

Kept calling out-બૂમો પાડ્યા કરતો.

Heave-હીવ્-ઉપાડો.

Heave away-ઉપાડીને દૂર લ્યો.

Push-ધક્કો મારો.

Pull-ખેંચો.

To make hold of-પકડવું.

Emperor-એમ્પરર્-શહેનશાહ.

I beg your pardon-હું આપની ક્ષમા માગું છું.
Got off his horse-પોતાના ઘોડાપરથી ઉતરી ગયો.
Took off his coat-પોતાનો ડગલો કાઢી નાંખ્યો.
Might-માઇટ્-n. જોર.
Did not offer to help-મદદ કરવાને કહ્યું નહિ; મદદ કરવાની ખુશી બતાવી નથી.
Got on-પર સવાર થયો.
Next-નેક્સ્ટ-પછીનો; બીજો.
To sink-ઉતરી જવું.

---

36. The Two Goats.

(ધ ટુ ગોટ્સ).

બે બકરા.

૧. મુર્ખ ઘરડા બકરા

Silly-સિલી-મુર્ખ.
Track-ટ્રેક-રસ્તો.
Paths-પાથ્સ-રસ્તાઓ.
Neither knew-બેમાંના એકેને ખબર નહોતી. inf. To know; pp. known.
In the least-જરાએ. pos. little; super. less.
Would suit-સગવડવાળો થઇ પડશે; માફક આવશે,
White-tailed-સફેદ પૂંછડાનો.

Stood-સ્ટુડ્-ઉભા રહ્યા. inf. To stand; pp. stood.
Bridge-બ્રિજ-પુલ.
Plank-પ્લૅન્ક્-પાટીઉં.
To cross-ઓળંગી જવું.
Each—first-દરેકની મરજી તેને પહેલાં વટાવી જવાની હતી.
Wait—please-મહેરબાની કરીને ત્યાં ઉભા રહો.
Advanced-ઍડ્વાન્સ્ડ્-આગળ વધ્યા.
It—you-તે તારો નથી.
Slipped-સ્લિપ્ડ્-ખસી ગયા.

૨. ડાહ્યાં નાનાં બકરીનાં બચ્ચાં.

Kids-કિડ્ઝ્-બકરીનાં બચ્યાં.
Sent for them-તેમને બોલાવ્યાં.
To serve-ટુ સર્વ-ગરજ સારવી.
Warning-વૉર્નિંગ્-ચેતવણી.
Folly-ફૉલિ-મુર્ખતા.
Nicer-વધારે સુંદર pos. nice; super. nicest.
Hung-હંગ્-લટકતી inf. To hang; pp. hung.
Went for a walk-ફરવા ગયા.
Stream-સ્ટ્રીમ્-ઝરણું, નદી.
Polite-પોલાઇટ્-સભ્ય.
Vowed-વાઉડ્-સોગંદ ખાધા.
Brink-બ્રિંક્-કિનારો.
I think so too-હું પણ તેમજ ધારૂં છું.

Besides-બિસાઇડઝ્-તે ઉપરાંત.
Room-રૂમ્-જગા.
To turn round-વળી જવું.
Manners-મૅનર્સ્-રીતભાત.
Fate-ફેઇટ્-દશા.
Plan-પ્લૅન્-યુક્તિ.
In comfort and ease-સુખમાં અને નિરાંતે.
I will lie down-હું સુઇ જઇશ.
Accept-ઍકસેપ્ટ્-કબુલ રાખો; સ્વિકારો.

---

37 The Weaver Birds and the Monkeys.

(ધ વીવર્ બર્ડ્ઝ્ ઍન્ડ્ ધ મંકીઝ્.)

વણકર-પક્ષીઓ અને વાંદરાં.

Weaver-વીવર્-વણનાર.
Nullah-નલાહ-નાની નદી; નાળું.
Leads down to-ને મળે છે.
Narbada-નર્બદા-નર્મદા નદી.
A silk cotton tree-એક જાતનું ઝાડ થાય છે જેનું રૂ રેશમ જેવું સુંવાળું હોય છે અને જાણે રૈશમ હોય તેવું તે દેખાય છે.
Leafy-લીફિ-પાંદડાંવાળી.
Flock-ફ્લૉક્-ટોળું.
Hanging-adj. લટકતા.
Necks-નેક્સ્-મોં (ગરદન).

Lived in comfort–સુખમાં રહેતા.
To scorch–ટુ સ્કૉર્ચ–બાળવું; દઝાડવું; સેકવું.
To wet–ટુ વેટ્–ભીનું કરવું; પલાળવું.
Set in–બેઠો.
Month–મંથ–મહિનો.
Heavy–હેવિ–ભારે; સખત.
Snug–સ્નગ્–સગવડ વાળો.
Herd–હર્ડ–ટોળું.
Miserable–મિઝરેબ'લ–દુઃખી.
Shivered–શિવર્ડ–થરથરતા.
Huddled up–હડલ્ડ અપ–ખિચો ખિચ થઇ ગયા.
Huddled up close to one another–બધા સાથે લપાઇ રહ્યા.
Twitter–ટિવટર–ચિં ચિં કરવી.
Chirp–ચર્પ–ચિંચિં કરવી.
Lazy–લેઝિ–સુસ્ત.
Grinned–ગ્રિન્ડ–દાંતીઆં કર્યાં.
To make fun of–ની મશ્કરી કરવી.
Mock–મૉક્–મશ્કરી કરો છો.
Distress–ડિસ્ટ્રેસ–દુઃખ.
You mock—you ?–તમે અમારા દુઃખમાં મશ્કરી કરો છો, કેમ?
Wait a bit–જરા થોભી જાઓ.
Pulled out–ખેંચી કાઢ્યા.
Escaped–એસ્કેઇપ્ડ–નાસી ગયાં.
Ruined–રૂઇન્ડ–નાશ કરેલાં.

38. *The Jackal who had dyed Blue.*

(ધ જેકૅાલ હુ હૅડ ડાઇડ બ્લ્યુ.)

આસમાની રંગથી રંગાયેલા શિયાળ વિષે.

Was dyed–વૉઝ્ ડાઇડ–રંગાયો હતો.
Blue–બ્લ્યુ–આસમાની.
Prowling about–શિકારને માટે ભટકતું.
Fields–ફીલ્ડઝ્–ખેતરો.
To keep clear of–થી વેગળા રહેવું.
To poke–પોકૢ–ઘાલવું.
Dyer–ડાયર–રંગરેજ.
Earned a living–ગુજરાન ચલાવતો.
Back yard–વાડો; ઘરની પાછળનો ભાગ.
Dye–ડાઇ–n. રંગ.
To get out–બહાર નીકળવું.
Had to stay-રહેવું પડયું.
Wily–લુચ્ચું.
Pretended–પ્રિટેન્ડેડ–ઢોંગ કર્યો.
Dead–ડેડ–મરી ગયેલું.
Jumped–જમ્પ્ડ અપ–કુદીને ઉભું થયું.
From head to foot–માથાથી પગ સૂધી; આખે શરીરે.
Dress in blue–આસમાની રંગનાં કપડાં પહેરે છે.
A speech–સ્પીચ–ભાષણ.

Jungle god–જંગલ ગૉડ–વન દેવ.
Royal–રૉયલ–બાદશાહી.
From this time forward–હવે પછીથી.
Obey–ઓબે'–હુકમ માનવો.
Were astonished–વેર ઍસ્ટૉનિશ્ડ–અજાયબ પામ્યાં.
News–ન્યુઝ–ખબર.
Spread–સ્પ્રેડ–ફેલાઈ inf To spread; pp. spread.
To despise–ટુ ડિસ્પાઇઝ્ ધિક્કારવું.
To keep company with–ની સોબત કરવી.
Night-howler–નાઇટ-હાઉલર–નામનું શિયાળ.
Shameless–બેશરમ.
Downfall–ડાઉન્ ફૉલ–પડતી.
I will see to his downfall–હું તેની પડતીનો વિચાર કરીશ.
Is coloured–રંગાયો છે.
Will hold a darbar–દરબાર ભરશે.
Yell–યેલ–કિકિયારી; બુમ.
He cannot help it–તેને તેમ કર્યા વિના ચાલશે નહિ.
So it turned out–તેમ બન્યું.
At nightfall–રાત્રે.
Appearance n.–દેખાવ.
Pack–પૅક–ટોળું.
From the force of old habit–ટેવાઇ ગયેલું હોવાથી.

Howled-હાઉલ્ડ-બુમ પાડી.

Impostors-ઇમ્પૉસ્ટર્સ-વેશધારીઓ; પાખંડી માણસો.

Blow-બ્લો'-ઘા; થાપડ.

Scampered off-સ્કૅમ્પર્ડ ઑફ-નાસી જતાં હતાં

Rank-રૅંક-હોદ્દો.

Rightly-ખરી રીતે.

Before long-થોડા વખતમાં.

૧

પરમેશ્વરની શક્તિ અને ડહાપણ.

૧. હાશિમ તેના બાપનો એકનો એક દિકરો હતો, જે તેને ઘણોજ ચાહતો હતો. તે હોશિયાર છોકરો હતો. તે આઠ વરસનો થયો નહિ ત્યાં સુધી તેના બાપે તેને ઘેર શિખવ્યું (અભ્યાસ કરાવ્યો) તે વિદ્વાન અને ધર્મિષ્ટ માણસ હતો, અને જે ઘણી ચીજો વિશે હાશિમની ઉમરના છોકરાઓ જાણતા નથી તે ચીજો વિશે હાશિમને તેણે શિખવ્યું.

૨. જ્યારે હાશિમની આઠમી વર્ષગાંઠ પૂરી થઇ ત્યારે તેના બાપે તેને નિશાળે મૂક્યો. હાશિમને શિક્ષકે પૂછ્યું કે તને શું આવડે છે. હાશિમે કહ્યું " મને વાંચતાં અને લખતાં આવડે છે." શિક્ષકે પૂછ્યું "તમને હિસાબ ગણતાં આવડે છે?" તે છોકરાએ જવાબ દીધો " હા મને ગણતાં આવડે છે, મને થોડું અંકગણિત આવડે છે."

૩. પછી શિક્ષકે હાશિમનો બાપ જે પાસે ઉભો હતો તેના તરફ ફરીને કહ્યું, " સાહેબ, તમે તમારા છોકરાને વાંચતાં, અને લખતાં અને હિસાબ ગણતાં શિખવ્યું છે. તમે તેને મોટા પરમેશ્વર, તેની શક્તિ અને તેના ડહાપણ વિશે કાંઇ શિખવ્યું છે?" બાપે કહ્યું, " હાશિમને પૂછો."

૪. ત્યારે શિક્ષકે હાશિમને કહ્યું, " ઇશ્વર વિશે હું તમને ત્રણ સવાલ પૂછીશ. હાશિમ, પરમેશ્વર ક્યાં છે તે મને તમે કહી શકશો? તમારા બાપે તમને તે શીખવ્યું છે? અને પરમેશ્વર શું જાણે છે તે તમે મને કહી શકશો? ત્રીજું પરમેશ્વર શું કરી શકે તે તમે મને કહી શકશો?

૫. હાશિમે જવાબ દીધો, "સાહેબ, તમે જે મને પૂછ્યું તે કહેવાનો હું પ્રયત્ન કરીશ. પણ હું તેમ કરૂં તે પહેલાં જે ત્રણ વસ્તુઓ હું જાણતો નથી તે મને કહેવાને હું પણ તમને પૂછું? તમારા સવાલના જવાબ દેવાને તે મને મદદ કરશે (સહાયભૂત થશે.)"

૬. આઠ વરસની ઉમ્મરનો નાનો છોકરો કોઈ પણ સવાલ પૂછે તેનો પોતે સહેલાઇથી જવાબ આપી શકશે એમ ધારીને શિક્ષકે કહ્યું, "મારા ભાઇ, બહુ સારૂ, તમે જે ત્રણ વસ્તુ જાણવા માગો છો તે કઇ છે?"

૭. હાશિમે જવાબ દીધો, "સાહેબ, તમે મને પહેલું ઘણી કૃપાથી કહેશો કે પરમેશ્વર કયાં નથી? બીજું, પરમેશ્વર શું જાણતો નથી તે મને કહેશો? પરમેશ્વર શું કરી શકે નહિ તે મને કહેશો? ત્યાર પછી પરમેશ્વર કયાં છે, પરમેશ્વર શું જાણે છે, અને પરમેશ્વર શું કરી શકે છે તે હું તમને કહીશ."

૮. શિક્ષક બુમ પાડીને બોલ્યા, "હાશિમ, શાબાશ! તમારા સવાલથી તમે મારા પ્રશ્નનો ઘણી સ્પષ્ટતાથી તમે પોતે જવાબ વાળ્યો છે." તેણે હાશિમના બાપને કહ્યું, "સાહેબ, તમે તમારા છોકરાને સારી રીતે શીખવ્યું છે, પરમેશ્વરની શક્તિ અને ડહાપણ વિશે હું તેને કાંઇ વધારે શીખવી શકિશ નહિ. પણ બીજી વસ્તુઓ વિશે જે હું જાણું છું તે હું તેને ખુશીથી શીખવીશ."

૨

પ્રિન્સ ઑાવ વેલ્સ અને છોકરો.

૧. સાતમા એડવર્ડ રાજા જ્યારે પ્રિન્સ ઑાવ વેલ્સ (પાટવી

કુંવર) હતા ત્યારે તેમણે ઘણાં માયાળુ કામ કર્યાં હતાં; અને જે ઘણી વાતો કહેવાય છે તેમાંની આ એક છે, અને ખરી રીતે તે સાચી વાત છે.

૨. એક દિવસે તેમણે એક નાના છોકરાને ઉદાસ ચહેરે ડુસકાં ખાતો મહેલના દરવાજા આગળ જોયો. તે ઉભા રહ્યા અને જો કે ઘણું મોડું થયું હતું તો પણ તે આટલો બચ્ચો કેમ રડતો હતો તેનું કારણ તે છોકરાને પૂછ્યું.

૩. દરવાજા પર પહેરો ભરતા સિપાઇએ કુંવરને કહ્યું કે તે છોકરાને રાણીને મળવું છે; અલબત તેણે મને કહ્યું હતું—અને ત્યારનો તે રડે છે—રાણીને મળી શકાય તેમ નથી.

૪. કુંવરે નાના છોકરાને હાથ અડકાડયો અને ધીમેથી કહ્યું મારી સાથે ચાલ. આ સઘળા સિપાઇઓ મારા તાબે છે. તમે રાણીને નક્કી મળી શકશો.

૫. અને તેણે પોતાનું વચન પાળ્યું; કારણ કે તે રાણી વિકટોરીઆ પાસે અંદર તે છોકરાને લઈ ગયો. તેણે કોઇ દિવસ પહેલાં આવી ઉમદા આવી મધુર અને આવી ઉદાસ બાઇ કદી જોઇ નહોતી.

૬. અને તેણે પોતાનું નામ અને ઉમર કહ્યાં તેથી તેણીએ તેને ઘણા માયાળુ શબ્દ કહ્યા; અને તેણીને મુકીને બહાર ગયો તે પહેલાં તેણીએ તેને એક સોનાનો સિક્કો આપ્યો.

૭. તે નાનો છોકરો હવે ઘરડો થયો છે અને તેના વાળ ભૂરા થઇ ગયા છે તો પણ તે આનંદથી તે શબ્દો સંભારે છે. અને

રાણીએ તે દિવસે તેને જે સોનાનો સિક્કો આપ્યો હતો તે પોતાના મોટામાં મોટા ખજાના તરીકે રાખી મૂકે છે.

૮. વિક્ટોરીઆ અને એડવર્ડ દેવલોક પામ્યાં છે પણ **માયાળુ કામ કદી પણ ભુસાતાં નથી.** તેઓનાં નામ આજ દિન પણ આપણા હૃદયમાં વસે છે. તેઓનો હમેશાં આપણા હૃદયમાં વાસ રહેશે

૩

બીજાને માટે ઝાડ રોપવા વિષે.

૧. એક દિવસ જે એક રાજા બહાર શિકારે નિકળ્યો હતો તેને એક ઘરડો માણસ મળ્યો જે એક આંબો રોપતો હતો.

૨. રાજાએ પોતાની સાથે જે અમલદારો હતા તેમને કહ્યું " આ ઘરડો માણસ કેવો મૂર્ખ છે ? " " તે ધારે છે કે હજુ તે જુવાન માણસ છે અને આ ઝાડનું ફળ ખાવા જીવશે. "

૩. બધા અમલદારો પણ હસ્યા. ત્યારે રાજાએ તે ડોસાને કહ્યું, " તમને કેટલાં વરસ થયાં છે ? "

૪. " ખુદાવિંદ " ડોસાએ કહ્યું, ' મને એંશી વરસ થયાં છે. પણ હું પરમેશ્વરનો આભાંર માનું છું કે હજુ હું મજબુત અને તંદુરસ્ત લાગું છું. "

૫. રાજાએ કહ્યું " તમે હજુ કેટલાં વરસ જીવવાનું ધારો છો ? જે ઝાડનું ફળ તમે કદી ખાઇ શકવાના નથી તે ઝાડ રોપવા-ની તમે શા માટે મહેનત લ્યો છો ? "

૬. "ખુદાવિંદ" તે ડોસાએ કહ્યું, "હું જાણું છું કે આ ઝાડનું ફળ હું કદી ખાઇ શકીશ નહિ, પણ આપણા બાપદાદા જેમ કરતા તેમ આપણે કરવું એ ખરૂં છે. તેઓ ઝાડ રોપતા અને આપણે હવે તેનું ફળ ખાઇએ છીએ. હું આ ઝાડ રોપું છું જેથી મારાં છોકરાંઓ અને છોકરાનાં છોકરાં તે ફળ ખાય."

૭. રાજા તે જવાબ સાંભળીને ઘણો ખુશ થયો અને તે ઘરડા માણસને દસ રૂપિયા બક્ષિસ આપ્યા.

૮. તે ડોસાએ હસીને કહ્યું, "મેં આ ઝાડ નકામું રોપ્યું છે એમ કોણ કહી શકે? જે દિવસે મેં તે રોપ્યું તેજ દિવસે તે ઝાડે મને દસ રૂપિયાની કેરીઓ આપી છે.

૪

ચામાચિડીઉં.

૧. ચામાચિડીઉં એ ઘણું વિચિત્ર પ્રાણી છે. તે પક્ષી નથી અને તેમ છતાં તેને પાંખો છે અને હવામાં ઉડી શકે છે. તે પાંખ-વાળા ઉંદર જેવું જણાય છે.

૨. તેની પાંખો પક્ષીઓની પાંખો માફક પિંછાંની બનેલી નથી પણ પાતળી ચામડીની છે. પક્ષીના આખે ડિલે પિછાં હોય છે, પણ ચામાચિડીઆને ડીલે એકપણ પીછું નથી. તેનું શરીર નરમ રૂવાંથી ઢંકાયલું છે. પક્ષીઓને ચાંચ હોય છે જે વડે તેઓ પોતાનો ખોરાક ઉપાડી લે છે, પણ ચામાચિડીઆને ઉંદરના જેવું મોં અને દાંત છે. તેને ઘણા તિક્ષ્ણ દાંત છે અને ઘણા જોરથી કરડી શકે છે. પક્ષીઓ

ઈંડાં મૂકે છે પણ ચામાચિડીઆને ઉંદર જેવાં બચ્ચાં હોય છે. તેઓ પોતાનાં બચ્ચાંને ધવરાવે છે.

૩. તમે ઘણા પક્ષીઓના માથા ઉપર તેમના કાન જોઇ શકતા નથી. પક્ષીઓને કાન હોય છે પણ તે ઘણા નાના હોય છે અને તે શોધી કાઢવું ઘણું મુશ્કેલ છે; પણ ચામાચિડીઆને ઉંદરના કાન જેવા મોટા કાન છે. એક જાતના ચામાચિડીઆને તેના આખા શરીર જેટલા લાંબા કાન હોય છે તે ધીમામાં ધીમો અવાજ સાંભળી શકે છે.

૪. પક્ષીઓ અને જનાવર બંનેને પગ હોય છે અને ચાલી શકે છે પણ ચામાચિડીઉં ચાલી શકતું નથી. તેને ખરા પગ નથી. તેના પાછલા પગે તેને પંજા હોય છે જે વડે તે પોતે ઉંચે (અધર) લટકી શકે છે. તે જમીન ઉપર ભાગ્યેજ ચાલી શકે છે. તે હવામાં થઇને ફક્ત ઉડી શકે છે.

૫. આખો દિવસ ચામાચિડીઉં પોતાના પંજાવડે પોતાની પાંખો બીડી દઇને અને પોતાનું માથું નીચે રાખીને કોઇ અંધારી જગા જેવી કે ગુફા અથવા જુના મકાનમાં લટકી રહે છે. કેટલાંક મંદિરોમાં ઘણાં ચામાચિડીઆં હોય છે. સૂર્યના તેજસ્વી પ્રકાશમાં ચામાચિડીઉં જોઈ શકતું નથી. જ્યારે ચામાચિડીઉં દિવસે બહાર ઉડે છે ત્યારે કાગડાઓ તેની પાછળ પડે છે અને તેને મારી નાંખે છે. પણ રાત્રે તે સારી રીતે દેખી શકે છે અને તેથી અંધારામાં તદન સહિસલામત આમતેમ ઉડી શકે છે.

૬. સૂર્ય આથમે છે કે તરત સઘળાં ચામાચિડીઆં બહાર આવે છે અને ખાવાનું મેળવવાને આમ તેમ ઉડે છે. તેઓ હવામાં

ઘણી ઝડપથી ફરી શકે છે અને આમ તેમ દોડી શકે છે. તેઓ ઉડતાં ઉડતાં જંતુઓને પકડે છે અને ખાઇ જાય છે.

૭. કેટલાંક ઘણાં મોટાં ચામાચિડીઆંને **ઉડતાં શિયાળ** કહે છે. તેઓના ડીલે ઘણાં રૂઆં હોય છે, અને તેઆનાં માથાં શિયાળનાં માથાં જેવાં કાંઇક દેખાય છે. તેઓ આખો દિવસ પોતાના પંજાવડે છાયાવાળા ઝાડમાં ટંગાઇ રહે છે અને હમેશાં સંખ્યાબંધ એકઠાં માલૂમ પડે છે. તેઓ ફળ ખાય છે. સંધ્યાકાળે તેઓની લાંબી હારો તેઓ જે ફળ ઝાડ ઓળખતાં હોય છે તે રસ્તે હવામાં થઇને ઉડતી દેખાય છે. આખી રાત તેઓ ફળ ખાઇને રહે છે, જેને માટે તેઓ ચીસો પાડે છે અને માંહો માંહે લડે છે. ફળની વાડીના માલેકો રાત્રે તેની ચોકી કરવાને માણસો રાખે છે અને જે ઉડતાં-શિયાળ બધાં ફળ થોડીવારમાં ખાઈ જાય છે તેમને હાંકી મૂકે છે.

૫

ચામાચિડીઉં, પક્ષિઓ અને પશુઓ.

૧. હવાનાં પક્ષીઓ સાથે એક વખત પશુઓને લડાઇ થઈ. ક્યારે થઈ તે હું જાણતો નથી, અને ક્યાં થઈ તે હું કહી શકતો નથી! પણ લડાઈ લાંબો વખત ચાલી, કારણ કે પશુઓ જોરાવર હતાં અને તેવીજ રીતે હવાનાં પક્ષીઓ પણ હતાં.

૨. જે નાના પ્રાણી વિશે તમે સાંભળ્યું હશે તે તે વખતે ત્યાં હતું. એક દિવસ તે પોતે પશુ છે એમ કહેતું અને બીજે દિવસે પક્ષી છે એક કહેતું. અને તે લુચ્ચું જીતવાળા પક્ષ તરફથી હમેશાં

લડવાને પ્રયત્ન કરતું. ચાલો ત્યારે હું તમને કહું કે આ લુચ્ચું પ્રાણી ચામાચિડીયું હતું.

૩. એક દિવસે જ્યારે પશુઓ જીતમાં હતાં ત્યારે તે તેમના આગેવાન પાસે ગયું અને કહ્યું, "મારા દોસ્ત હું પશુ છું. જો તમને તે બાબત જરી પણ શક હોય તો મારા માથામાંના દાંત તરફ નજર કરો. પક્ષીની ચાંચમાં તમે કોઈ દિવસ દાંત જોયા હતા? અથવા તમારી જીંદગીમાં એક વખત પણ સાંભળ્યું હતું? જેવી રીતે ચામાચિડીયું ધવરાવે છે એટલે તેની માદા ધવરાવે છે તેવી રીતે કોઇ પણ પંક્ષી છે કે જે પોતાનાં બચ્ચાંને ધવરાવે? અરે ખેતરનાં પશુઓ હું તમારા પક્ષમાં લડીશ. હું મરતાં સુધી લડીશ. હું કોઇ દિવસ શરણે થઇશ નહિ!

૪. બીજેજ દિવસે તેણે લોકોને બોલતા સાંભળ્યા કે પશુઓ હારવા માંડે છે; બીકનું માર્યું તે એકદમ કર્યું અને જ્યારે તે સમાચાર તેણે સાંભળ્યા ત્યારે જેટલી બને તેટલી ઝડપથી લડાઇ તરફ ધસ્યું. તે પક્ષીઓની મદદે ગયું અને કહ્યું મારી પેઠે હવામાં કોઇ પશુ ઉડી શકે છે? હું અહીઆં ઉડીશ, ત્યાં ઉડીશ અને હવાનાં પક્ષીઓને માટે આ લડાઇ જીતીશ.

૫. આ પછી તરતજ કજીઆનું સમાધાન થયું. અને જે લડાઈ આટલો લાંબો વખત સૂધી ચાલી તેનો છેડો આવ્યો. પશુ અને પક્ષી બધાં સલાહ શાંતીથી એકઠાં થઇને એક સુંદર મિજબાની ઉડાવવા મળ્યાં. એઠકો ઘણી હતી, ખાવાનું તેમ પીવાનું પુષ્કળ હતું. અને જ્યારે ગમ્મતની શરૂઆત થઇ કે કોઇ અંદર આવ્યું—તમે કોણુ ધારો છો?

૬. તમને તરત તેનો ખ્યાલ આવશે તે આપણું દોસ્ત ચામાચિડીકું હતું. તેણે સલામ કરી અને હસતે મોંએ કહ્યું, "વહાલા દોસ્તો, મને આશા છે કે તમે મારે માટે જગા રાખી હશે." પશુઓએ કહ્યું, "તમે પક્ષી છો." પક્ષીઓએ કહ્યું, "તમે પશુ છો." પણ બધાં બુમ પાડીને બોલી ઉઠયાં, "અમારી મિજબાનીમાંથી ચાલ્યા જાઓ."

૭. તેથી તે ગરીબ નાનું ચામાચિડીકું દિવસના અજવાળામાં દેખાવાને લજવાઇને તેમની નજર આગળથી ગુપચુપ ચાલ્યું ગયું અને તે દરમાં સંતાઇ ગયું અને જ્યારે કોઇ હોય નહિ ત્યારે રાત્રી સિવાય કદી બહાર નીકળતું નહિ. અને ત્યારથી જે ચામાચિડીકું હવે પછી જીવે છે તે પોતાના દરમાંથી બહાર આવતાં બીએ છે અને લજવાય છે અને ખૂબ અંધારામાં પશુ અને પક્ષીઓ ઉંઘી ગયાં હોય છે એવું તે જાણતું નથી ત્યાં સુધી બહાર નીકળતું નથી તેનું તેજ કારણ હોવું જોઇએ એમાં મને સંદેહ નથી.

૬
જે બિલાડીઓ ન્યાય મેળવવા ગઇ તે વિષે.

૧. એક વખતે બે બિલાડીઓ હતી જે એકજ ગામમાં રહેતી અને જેમને ઘણી દોસ્તી હતી.

૨. બપોરના બંને બહાર ફરવા નીકળી અને એક ઉઘાડી બારીવાળા ઘર આગળ આવી. બિલાડીઓ ડોકીઉં કર્યા સિવાય ઉઘાડી બારીમાં કદી જતી નથી. બંને બિલાડીઓ ઉભી રહી અને ઓરડામાં ડોકીઉં કરીને તે બંનેએ તેજ વખતે મેજ ઉપર એક રોટલી જોઇ.

૩. ઓરડામાં કોઈ નહોતું તેથી બંને બિલાડીઓ સાથે ધીમે રહીને અંદર કુદી પડી અને મેજ ઉપર કુદકો માર્યો. તેઓએ રોટલી લીધી અને તેના બે કટકા થયા ત્યાં સુધી ખેંચવા લાગી, જે દરેક કટકો જે બિલાડીના હાથમાં આવ્યો તે તેણે લીધો અને બહાર જમીન ઉપર નીચે કુદી પડી.

૪. પછી રોટલી ખાવા તેઓ વાડીમાં દોડી ગઈ, પણ એક કટકો બીજા કરતાં મોટો હતો. એક બીલાડીએ કહ્યું " આ કટકો મારો છે, હું તે અહીંઆં લાવી." બીજીએ કહ્યું, "અરે, ના, આપણે બંનેએ તે રોટલી એકી વખતે જોઇ. આપણને દરેકને સરખો હિસ્સો મળવો જોઇએ," પહેલી બિલાડીએ કહ્યું. "હું મારો કટકો નહિ આપું." બીજીએ જવાબ દીધો, " તમારે આપવોજ પડશે. " પછી તે બને લડવા લાગ્યાં અને એક બીજાને નહોરીઆં ભરવા લાગ્યાં.

૫. તે વાડીની ભીંતે એક લુચ્ચો વાંદરો બેઠો હતો તેણે બિ- લાડીઓને કહ્યું " તમે રોટલી બાબત આમ શા માટે લડો છો ? તમે એક મત થઇ શકતા ન હોતો તમે શા માટે ન્યાય મેળવવા જતાં નથી? ન્યાયાધીશ તમારા બંને વચ્ચેનો કજીઓ યોગ્ય રીતે ચુકવશે." બંને બિલાડીઓ બોલી ઉઠી, " હા હા, ચાલો આપણે ઇન્સાફ મેળવવા જઇએ."

૬. આ પ્રમાણે બિલાડીઓ ઇન્સાફ મેળવવા ગઈ. વાંદરો ન્યા- યાધિશ બન્યો અને તેણે ઝાડના મથાળે સુંદર છાયાવાળી જગામાં પોતાની અદાલત ભરી. તેણે શરૂ કર્યું, " હા, હું સમજ્યો છું. આ કટકો બીજાના કરતાં વધારે મોટો દેખાય છે. પણ મને ખાતરી કરવા દો. હું તેમને જોખી જોઇશ." તેથી તેણે પોતાનાં ત્રાજવાં લીધાં

અને દરેક પલ્લામાં એકેક કટકો મૂકીને રોટલીના બંને કટકા જોખ્યા.

૭. ન્યાયાધિશે કહ્યું, "હું ધારતો હતો તેજ પ્રમાણે છે, આ કટકો પેલા કરતાં ભારે છે, મારે તેને થોડો હલકો કરવો જોઇએ." તેથી તેણે મોટા કટકામાંથી થોડો ખાધો અને પાછો ત્રાજવાના પલ્લામાં મૂકયો, તેણે કહ્યું, " હવે બીજો કટકો ભારે છે. " અને તેમાંથી થોડો કરડી ખાધો.

૮. બીલાડીઓ હવે વ્યાકુળ થવા લાગી તેઓએ કહ્યું, " અમને અમારી રોટલી પાછી આપો. એક કટકો બીજા કરતાં મોટો છે તેની અમારે કાંઇ ફિકર નથી. અમે તદન સંતોષ થયાં છીએ. "

૯. તે પ્રમાણિક ન્યાયાધિશે જવાબ વાળ્યો, " મારી વ્હાલી બાઇઓ, તમે સંતોષ પામ્યાં છો પણ અદાલત સંતોષ પામી નથી. બંને કટકા તદન સરખા કરવા જોઇએ, " આમ કરીને જ્યાં સૂધી બે નાના કટકાઓ રહ્યા ત્યાં સૂધી પહેલો એક અને પછી બીજો એમ બંને કટકા કરડવા લાગ્યો.

૧૦. તે ન્યાયાધિશે કહ્યું, " હવે તપાસ પૂરી થઇ છે. આ બે કટકા બરાબર એકજ માપના અને એકજ તોલના છે. "

૧૧. બિલાડીઓએ કહ્યું, " તે અમને આપો. " વાંદરાએ જવાબ દીધો, " ખરેખર, નહિ. શું તમે એમ ધારો છો કે મેં આ બધી મહેનત ફોકટ લીધી છે? કજીઓ ચલાવવા બદલ મારે મારૂં મહેનતાણું (ફી) જોઇએ.

૧૨. તેણે આમ કહીને જે રહ્યું હતું તે પોતાના મોંમાં ભરી દીધું. અને અદાલત બરખાસ્ત કીધી. ન્યાય મેળવવા જતાં બિલાડીઓને જે મળ્યું તે આ હતું.

૭

નરમાશથી બોલો.

૧. નરમાશથી બોલો, ભય કરતાં પ્રેમથી વશ કરવું તે વધારે સારૂં છે. નરમાશથી બોલો, આપણે અહીઆં જે ભલું કરીએ તે કોઇ પણ કઠોર શબ્દથી બગાડશો નહિ.

૨. નાનાં છોકરાં સાથે ધીમેથી બોલો તેમનો પ્રેમ જરૂર મળશેજ; ધીમા અને નમ્ર શબ્દોમાં તેમને તે શીખવો; તે લાંબો વખત રહે નહિ

૩. ઘરડાઓની સાથે નરમાશથી બોલો. દુઃખી આત્માને દુઃખ દેશો નહિ. જીંદગીની મુદત લગભગ પૂરી થઈ છે–એવાઓને શાંતી' માં જવા ઘો.

૪. ગરીબની સાથે નરમાશથી અને માયાળુપણે બોલો, એક કઠણ અવાજ સાંભળવા દેશો નહિ; કઠોર શબ્દ વિના તેમને સહન કરવાનું પુષ્કળ છે.

૫. નરમાશથી બોલો !—એ નાની બાબત છે, અરે, તે સારી રીતે કરવા પ્રયત્ન કરો. જે ભલું, જે આનંદ તેનાથી થાય છે તે ભવિષ્ય કહી બતાવશે.

૮

ગુલાબ.

૧. ગુલાબ એ સુંદર ફુલ છે. તેના જેવાં મધુર વાસવાળાં બીજાં ફુલો છે પણ તેઓ એટલાં સુંદર નથી. બીજાં ફુલો એટલાં સુંદર છે પણ તેઓ એટલાં મધુર વાસવાળાં નથી. દુનિયામાં એકે

એવું ફુલ નથી કે જે ગુલાબના જેટલું સુંદર અને મધુર વાસવાળું હોય. એટલા માટે તેને ફુલોની રાણી કહે છે.

૨. દુનિયાના ઘણા ભાગોમાં ગુલાબ જંગલમાં ઉગે છે; પણ જંગલી ગુલાબ બાગનાં ગુલાબ જેટલાં મોટાં હોતાં નથી, તેમ સુંદર હોતાં નથી. તેમ મધુર વાસવાળાં હોતાં નથી. ઇંગ્લાંડના દરેક બાગમાં આ મધુર ફુલ માલૂમ પડેછે. અને તેના સિવાય કોઇ પણ બાગ સંપૂર્ણ ગણાય નહિ.

૩. કેટલાક મોટા, કેટલાક નાના, એમ ગુલાબોની સેંકડો જાતો છે. તેઓ જુદા જુદા રંગના હોય છે; કેટલાંક ધોળાં, કેટલાંક રાતાં કેટલાંક પીળાં, એક જાતનો રંગ ગુલાબી રંગથી ઓળખાય છે. જે છોકરાંઓ ઠંડા દેશોમાં રહે છે તેમના ગાલમાં જે રંગ દેખાય છે તે ગુલાબી રંગ છે અને તે તંદુરસ્તીનું ચિન્હ છે.

૪. ગુલાબ મોટા ઝાડ ઉપર થતાં નથી પણ છોડવા ઉપર થાય છે. આ છોડવાઓને ઘણીવાર અણીદાર કાંટા હોય છે જે, જો આપણે તેને અડકીએ તો આપણી આંગળીમાં ભોંકાય છે. કેટલાંક મધુરમાં મધુર ગુલાબને ઘણાંજ અણીદાર કાંટા હોય છે.

૫. દિલ્લીમાં **નુરજહાં** અથવા " **દુનિયાનું તેજ** " નામે એક સુંદર રાણી હતી. તેનો પતિ જહાંગીર નામે મોટો મોગલ શહેનશાહ હતો. પાણી સુવાસિત કરવાને પોતાના નહાવાના પાણીમાં તે ઘણી વખત ગુલાબનાં ફુલો ભરતી, એક વખતે ગુલાબ નહાવાના પાણીમાં બે ત્રણ દિવસ સુધી રહી ગયાં—રાણી તે જોવા ત્યાં આવી ચઢી અને પાણીની સપાટી ઉપર એક જાતનું તેલ તરતું જોયું તે તેલને તેણે રૂમાલ અડકાડયો અને તેનામાં ઘણી મધુર

વાસ છે એમ માલુમ પડયું. તે તેલને તેણે જહાગીરનું અત્તર અથવા જહાંગીરનો વાસ એવું નામ આપ્યું. હિંદુસ્તાનમાં તે ઉત્તમ ખુશબો હોવાથી હવે તેને અત્તર અથવા ખુશબો કહે છે. યુરોપમાં તેને "ઑટો ઑવ રોઝીઝ" કહે છે.

૬. જે ખુશબો ગુલાબમાંથી બનાવવામાં આવે છે તેને સારૂ ઇરાન, ટર્કી અને કાશ્મિરની વાડીઓમાં તે ઘણો ઉગાડવામાં આવે છે. ખુશબો બે જાતની છે. સાધારણ જાતની જેને ગુલાબજળ કહે છે. અને ઘણું જવલ્લે અને મોઘું મળતું જેને ગુલાલનું અત્તર કહે છે.

૭. ઘણા તાજા ચુંટેલા ગુલાબ ને થોડા પાણીવાળા બંધ વાસણમાં રાખી મુકવાથી ગુલાબજળ બને છે; તે વાસણને પછી ગરમ કરવામાં આવે છે. જે બાફ નીકળે છે તેને એક નળીમાં થઈ ને ઠંડા વાંસણમાં લઇ જવામાં આવે છે જ્યાં ફરી તેનું પાણી થઇ જાય છે. એને ગુલાબજળ કહે છે.

૮. ગુલાબજળમાંથી ગુલાબનું અત્તર બને છે. ગુલાબ જળને મોટી છાછરી તાસકડીઓમાં નાખે છે જેને ઘણાં દિવસ સુધી હવામાં બહાર મુકે છે. રાત્રે તેલ પાણીની સપાટી ઉપર તરી આવે છે. આને સંભાળથી પીછાવડે લઇ લેવામાં આવે છે. આ તેલને ગુલાબનું અત્તર કહે છે. તે ઘણું કિમતી છે. એક તોલો અથવા એક રૂપીઆ ભાર અત્તર બનાવવા સારૂ એક લાખ ગુલાબ જોઇએ છીએ. આ ઘણીવાર સો રૂપિયે વેચાય છે.

૯. જ્યારે પૈસાદાર માણસો પોતાને ઘેર પરોણાઓને નોતરે છે ત્યારે પાછા જતી વખતે તેમના ઉપર તેઓ ગુલાબજળ અને કોઇ કોઇ વખત ગુલાબનું અત્તર છાંટે છે.

૯

દરજી અને સુતાર.

૧. બે ભાઇબંધો એક વખત મુસાફરી કરવા નિકળ્યા, આ વાત અસલના વખતની કહેવાય છે—એક ઉંચો અને જોરાવર સુતાર હતો, બીજો ઠીંગણો પણ બહાદુર દરજી હતો.

૨. તેઓને ઘણા ઘાડા જંગલમાં થઇને જવાનું હતું તે રસ્તો ઝાડી અને ખડક અને ઝાડમાં થઇને જતો હતો; તે દરજીએ પોતાના મિત્રને કહ્યું, "જો એક ક્રુર જંગલી જાનવર આવે તો આપણે શું કરવું ?"

૩. તે સુતારે ગર્વથી કહ્યું, "હું તે જાનવરને ઝપાટાબંધ હાંકી કાઢીશ બ્હીશ નહિ. મારા નાના મિત્ર, હું જ્યાં સૂધી અહીંઆં છું ત્યાં સૂધી તને આજે કાંઈ પણ ઇજા થશે નહિ."

૪. પણ "મારા ઉપર વિશ્વાસ રાખ" એવું તેણે કહ્યું કે તરતજ જંગલમાંથી એક મોટું ભૂરૂં રીંછ ધસી આવ્યું. ઉંચા અને જોરાવર સુતારનો ભય જોઇને તમને ખડખડ હસવું આવ્યું હોત.

૫. તે ઝપાટા બંધ નજીકમાં ઝાડ તરફ દોડી ગયો અને ઉંચી ડાળીએ ચઢીને બેઠો—તેને તે નાના માણસનો કાંઈ પણ વિચાર આવ્યો નહિ જેને હમણાજ થોડા વખત ઉપર તેણે બચાવવાનું વચન આપ્યું હતું.

૬. દરજી બહાદુર હતો—તેણે કાંઇ પણ અવાજ કર્યો નહિ. એક પણ શબ્દ બોલ્યો નહિ—પણ નાસી જવાને બદલે જમીનપર

હાલ્યા ચાલ્યા વગર પડી રહ્યો, જેથી એમ જણાયું કે તે હિંમત વાળો હતો એટલુંજ નહિ પણ હોંશિઆર હતો.

૭. તે જ્યાં પડયો હતો તેની આસપાસ તે રીંછ ફર્યું તેના પગ સુંઘ્યા. અને તેના વાળ સુંઘ્યા. પછી જાણે એમ કહેતું હોય કે ' હું અફસુસ જણાવું છું કે તે માણસ મરી ગયો છે, ' એમ મોં હલાવતું ચાલ્યું ગયું.

૮. તે સુતાર વળી વધારે હિમતવાન બન્યો. જ્યારે રીંછ ગયું ત્યારે તેણે કહ્યું. " મારા નાના વ્હાલા મિત્ર તેણે તમને શું કહ્યું ? તેણે તમારા કાનમાં ધીમેથી શું કહ્યું ? "

૯. તે દરજીએ કહ્યું . " મારા મિત્ર, જે બડાશ મારનાર ચેતવણી આપ્યા સિવાય નાસી જાય છે તેની સાથે કાંઇપણ સંબંધ રાખવો નહિ, રીંછે મને ધીમેથી કહ્યું તે આ છે, હું આ શિખામણ પ્રમાણે ચાલવાનો ઇરાદો રાખું છું. સાહેબજી. "

૧૦

ચોખા.

૧. દુનિયામાં અડધા કરતાં વધારે લોકોનો મુખ્ય ખોરાક ચોખા છે. જે સઘળા ગરમ દેશોમાં વરસાદ ઘણો પડ છે તે સઘળા દેશોમાં તે સારી રીતે પાકે છે, કારણ તેને સારી રીતે પાકવા સારૂ પુષ્કળ પાણી જોઇએ છીએ.

૨. ચોખાના છોડને ડાંગર કહે છે. જ્યારે દાણાને સાફ અને ખાવા લાયક કરવામાં આવે છે ત્યારે તેને ચોખા કહે છે.

૩. હવે વરસાદની ઋતુ શરૂ થઇ છે. તળાવો બધાં ભરાય છે. નદીઓ પણ પાણીથી ભરાઇ જાય છે, અને ગામના લોકો ડાંગર વાવવાને હવે લગભગ બધા કામે લાગેલા છે.

૪. ખેડૂત પોતાના બળદ અને હળ લેઇને ખેતરમાં જાય છે અને જમીન તદ્દન પોચી થાય નહીં ત્યાં સૂધી ફરી ફરીને તેને ખેડે છે.

૫. ખેતરના એક ખૂણામાં તે કેટલાંક ડાંગરનાં બી વાવે છે. જ્યારે નાના ડાંગરના છોડવા આશરે એક ફુટ ઉંચા થાય છે ત્યારે તે પોચા કાદવમાંથી તેમને મૂળસહિત ખેંચી કહાડે છે અને તેની ઝુડીઓ બાંધે છે.

૬. પછી જે સ્ત્રીઓ ખેતરમાં હારબંધ ઉભી હોય છે તેમની પાસે નાના છોડની ઝુડીઓ પુરૂષો લાવે છે. સ્ત્રીઓ છોડ લે છે અને પોચા કાદવમાં તેમને ખોશી ઘાલે છે.

૭. થોડા દીવસ પછી નાના ડાંગરના છોડવાઓને મૂળ બાઝે છે અને ઉગવા માંડે છે. તેઓ ઘણા તરસ્યા હોય છે. તેને પાણી પીવાનું પુષ્કળ જોઇએ છીએ તેઓનાં મૂળીઆં જમીનમાંથી ખોરાક ચૂશી લે છે. દિવસે દિવસે તેઓ મોટા થતા જાય છે.

૮. આખરે, બે મહીના પછી, ડાંગર ઉગે છે. દરેક સાંઠાને છેડે પચાસ અથવા સાઠ ચોખાના દાણા ઉગે છે. પહેલાં ડાંગર લીલા રંગની દેખાય છે. ત્યાર પછી ભૂખરા રંગની અને પીળા રંગની દેખાય છે. દાણા એટલા વજનદાર હોય છે કે છોડવા એક બાજુએ નમી જાય છે.

૯. હવે વરસાદ બંધ થયો છે અને તેજસ્વી સૂર્ય પ્રકાશે છે ડાંગર લણવાનો સમય થયો છે. માણસો દાતરડાં લેઇને ખેતરમાં જાય છે અને પાકા દાણા લણી લે છે અને બધાને એક જગાએ રાખે છે.

૧૦. જ્યારે બધાં ખેતર લણાઇ રહે છે, ત્યારે દાણાને પરાળમાંથી છૂટા કરવાની જરૂર પડે છે. ડાંગરની ઝુડીઓ ઉપર ખેડૂત વારંવાર પોતાના બળદને ગોળ ફેરવ્યા કરે છે.

૧૧. થોડા વખત પછી પરાળમાંથી દાણો છુટો પડે છે, પરાળ લેઇ લેવામાં આવે છે અને દાણાને ટોપલીઓમાં મૂકે છે, ખેડુત એક સરખી સપાટીવાળો જમીનનો કટકો પસંદ કરે છે અને જે ચારણી પોતે ઉંચે પકડી રાખે છે તેમાંથી દાણો પડવા દે છે અને પવનથી પરાળનાં ઝીણા કટકાં ઉડી જાય છે, ભારે ડાંગર જમીન પર પડે છે અને તેનો ઢગલો થાય છે.

૧૧.

કીડી અને તીડો.

૧. તીડો આખો દિવસ આનંદથી ચીં ચીં કરીને સુકા ઘાસના ખેતરમાં કુદકા મારતાં હતાં, પ્રકાશિત તડકામા પોતે મઝા મારતાં હતાં, સવારથી તે રાત સુધી કુદતાં હતાં અને થેકડા મારતાં હતાં, કોઇ દિવસ થાકયા વગર, ભૂખ્યાં થયાં વગર તેમ દિલગીરીનું સ્વપ્ન પણ આવ્યા વગર તેમ કાલે વાદળું આવીને અંધારૂ (દુઃખ) આવશે તેનો વિચાર કર્યા વગર તે આનંદી નાના દોસ્તો તેજસ્વી ગરમ હવામાં કુદતાં હતાં, નાચતાં હતાં અને ભેગાં મળીને હસતાં હતાં,

૨. ધીમે ધીમે મહેનત કરીને ચાલતી એક કીડી તે ઘાસનાં ખેતરમાં થઇને એક ઘઉંનું કણસલું પોતાના દરમાં ઘેર સંભાળથી લઇ જવા પોતાનો બનતો પ્રયત્ન કરતી કરતી લઇ જતી હતી. એક નાના તીડે બુમ મારીને કહ્યું, “ અરે, ઉભા રહો, ઉભા રહો. બોલ્યા

ચાલ્યા વિના જવું એ ઘણું અયોગ્ય છે." કીડીએ જવાબ દીધો, " માફ કરજો, હું જંગલી થવા ઇચ્છતી નથી. પણ આજે મારે કામ છે."

૩. " અરે એક મિનિટ ઉભા રહો અને સારી વાતચિત કરો" કીડીએ કહ્યું, " ના, ના, મારાથી તેમ બને તેમ નથી; મારા નાના સંગ્રહમાં આ દાણાનો હું ઉમેરો કરીશ. અને પછી પાછી જઇને કેટલા વધારે લાવીશ. જ્યારે દિવસ લાંબા છે, અને તેજસ્વી ગરમ તડકો મને તંદુરસ્ત રાખે છે તે વખતે જો હું સખત મહેનત ન કરૂં તો જ્યારે વરસાદ ખૂબ પડે ત્યારે હું ખોરાક વિનાની થાઉં; ડાહ્યાં થાઓ ! અને તેજસ્વી દિવસો રહે ત્યાં સુધી ખૂબ કામ કરો."

૪. તીડે કહ્યું " વરસાદનો વિચાર કરવામાં મને કાંઇ ઠીક જણાતું નથી ! અહીંઆં પુષ્કળ ખોરાક છે ! તમારા દિવસ નિરંતર મહેનતમાં ગાળીને તમારી જીંદગી તમે બગાડો છો એવું મને લાગે છે." તેથી કીડી પોતાનો ભાર લઇને પોતાને રસ્તે ચાલી ગઇ. પણ તીડો તો ઘાસમાં આમતેમ રમતે લાગ્યાં

૫. પણ કીડી તો જે જાણતી હતી તે વિશે કહેતી હતી અને તીડોને માલુમ પડતું કે તેના શબ્દો ખરા હતા. વરસાદ પડ્યો. જે વખતે તે મરીને પડવા લાગ્યાં તે વખતે તેઓને તેજસ્વી દિવસ ની કીડીનો વિચાર આવ્યો. અને તેમાંના એકે ધીમે રહીને બાકીના બધાને કહ્યું, "તેણે જે આપણને કહ્યું હતું તે કર્યું હોત તો સૌથી સારૂં થાત. !

જ્યારે દિવસ લાંબા હોય છે અને તડકામા તમો રમો છો ત્યારે વરસાદ (જરૂર)ના દિવસને માટે બચાવવા ભૂલતા નહિં.

૧૨

મોડો લતીફ.

૧. લતીફ આઠ વરસની ઉમરનો છોકરો હતો. તેને હેતાળ માબાપ હતાં, અને ઘરનો સુખી હતો. સાધારણ રીતે તે ભલો છોકરો હતો, અને તેનાં માબાપ કહેતાં તેમ તે કરતો. પણ તેનામાં એક મોટો અવગુણ હતો. તે કાંઇ પણ વસ્તુ વખતસર કરતો નહિ. તે હમેશાં મોડો થતો.

૨. તે જ્યારે છ વરસનો થયો ત્યારે તેને નિશાળે મોકલવામાં આવ્યો. પહેલે દિવસે તેનો બાપ તેની સાથે ગયો, અને સાત વાગે જ્યારે નિશાળ ઉઘડે ત્યારે દરરોજ આવવા શિક્ષકે તેને કહ્યું, પણ પહેલેજ દિવસે તે પાંચ મિનિટ મોડો થયો. અને જ્યારે અઠવાડીઆ સૂધી દરરોજ મોડો ગયો ત્યારે શિક્ષકે કહ્યું, "આમ કેમ ? તમે હમેશ મોડા થાઓ છો. અમારે તમને "મોડા લતીફ" એમ કહેવું જોઇએ."

૩. બધા છોકરાઓએ શિક્ષકને આ કહેતાં સાંભળ્યું. તે વખતથી તે બધા તે નાના છોકરાને 'મોડા લતીફ' કહેવા લાગ્યા. તે આથી ઘણો શરમાઇ ગયો. પણ તેણે મોડા આવ્યા કર્યું.

૪. ઘરમાં પણ તેમજ ચાલતું. તેની માએ છ વાગે કહ્યું, "ઉઠ." પણ લતીફ દસ મિનિટ વધારે પથારીમાં પડયો રહ્યો. તેના બાપે કહ્યું, " નાસ્તો તૈયાર છે " પણ લતીફે પા કલાક સૂધી બાગમાં ફર્યા કર્યું, અને જ્યારે તે ઘરમાં આવ્યો ત્યારે તેનું ખાવાનું ટાઢું થઇ ગયું. તેના મોટા ભાઇએ કહ્યું, " હવે આ કાગળ ટપાલ ઓફીસમાં લઇ જાઓ; હમણાં ત્રણ વગ્યા છે અને ટપાલ સાડાત્રણે

નીકળશે. " લતીફે કાગળ લીધો, પણ રસ્તામાં બીજો છોકરો મળ્યો અને તેનો પતંગ ઉડાડવામાં મદદ કરવા તે ઉભો રહ્યો. ચાર વાગે તે ટપાલ ઓફીસે પહોંચ્યો અને તે દિવસની ટપાલ ચાલી ગઇ.

૫. જે શહેરમાં લતીફ રહેતો હતો તે શહેરથી આશરે વીસેક માઇલ દૂર વરસમાં એક વાર મોટો મેળો ભરાતો હતો. જેનાથી બની શકતું તે દરેક જણ ગમ્મત જોવાને અને ચીજો ખરીદવા તે મેળામાં જતું, ત્યાં શરતો થતી, મદારીઓ આવતા અને રમતો થતી, અને તમારે જે કાંઈ જોઇએ તે તમે બજારમાંથી ખરીદી શકતા. પતંગ, દડા, ભમરડા, ઢીંગલીઓ અને મીઠાઇ મળતાં અને માબાપો પોતાનાં છોકરાં સારૂ તે ખરીદતાં. લતીફનાં માબાપ જેમ દૂર વસતાં તેમ જે લોકો દૂર વસતાં તેઓ આગગાડીને રસ્તે મેળામાં આવતાં.

૬. લતીફ, તેના ભાઇઓ અને બેનો લાંબા વખતથી મેળાની રાહ જોયા કરતાં હતાં. તે દિવસે રજા પડવાની હતી, કારણ કે બધા છોકરાઓને મેળામાં જવાનું હતું અને શિક્ષક પણ જવાના હતા. વળી મેળામાં ચોપડીઓ વેચાતી હતી અને તેને પોતાને માટે કેટલીક ચોપડીઓ અને નવું લુગડું ખરીદવુ હતું.

૭. તેના બાપે કહ્યું, " આવતી કાલે આઠ વાગે આપણે બધાં રેલવે સ્ટેશન ઉપર જઇશું. ગાડી સાડા આઠ વાગે ઉપડે છે. તમે બધાં આઠ વાગે તૈયાર રહેજો." અને લતીફ તરફ જોઇને તેણે કહ્યું, " જોજે મોડો થતો નહિ; ગાડી કોઇની રાહ જોતી નથી. જો આપણે ત્યાં વખતસર નહિ જઇએ તો આપણે પાછળ રહી જઇશું. આપણે મેળામાં ખાવાનું લઇશું અને સાંજે પાછા આવીશું."

૮. બીજે દિવસે સવારમાં દરેક જણ વહેલું ઉઠયું. લતીફે

બધાની સાથે નાસ્તો લીધો, પણ આઠ વાગે જ્યારે તેના બાપે બહાર જવા છેકરાંઓને ભેગાં બોલાવ્યાં ત્યારે લતીફ ત્યાં નહોતો. તેના બાપે બુમો પાડી, " લતીફ, લતીફ, અમે જઇએ છીએ." પણ લતીફ તો દેખાયો નહિ. તેની માએ કહ્યું, " તે આગળ દોડી ગયો હશે. કદાચ મોરા થવાની બીક લાગી હશે."

૯. તેના બાપે જવાબ આપ્યો, " ઠીક આપણે રાહ જોઇ શકીશું નહિ; નહિ તો આપણે ગાડી ચૂકી જઈશું." તેથી તેઓ નીકળ્યાં; પણ જ્યારે સ્ટેશને જઈ પહોંચ્યાં ત્યારે લતીફ ત્યાં નહોતો તેના બાપે ટીકીટો ખરીદ કરી અને થોડો વખત રાહ જોઇ. આગગાડીના ગાર્ડે કહ્યું, " બેસી જાઓ. ઉતાવળ કરો, નહિ તો તમારે માટે જગા રહેશે નહિ. ગાડી લગભગ ભરાઈ ગઇ છે."

૧૦. તેથી તે બધાં લતીફનો બાપ, મા, ભાઇઓ તથા બેનો ગાડીમાં બેસી ગયાં. બરાબર સાડા આઠ વાગે સ્ટેશન માસ્તરે સીસોટી વગાડી અને ગાડી ઉપડી.

૧૧. પરથાર (platform) પર અને તેટલી ઉતાવળથી આ કોણ દોડે છે? તે મોડો લતીફ છે. ટોપી પડી જાય છે તે વખતે તે બુમ પાડે છે, " ઉભા રહો, મારે અંદર આવવું છે." પણ ગાડી કોઇને માટે ઉભી રહેતી નથી, સ્ટેશન માસ્તર બુમ પાડે છે, "પાછા જાઓ, પાછા જાઓ." અને ગાડી ચાલી જાય છે; લતીફ, તેનો બાપ, મા, અને બીજાઓને બારીમાંથી ડોકીઉ કાઢતાં જૂએ છે. પણ તે પાછળ રહી જાય છે. પોતે વખતસર સ્ટેશન પર પહોંચશે એમ ધારીને તે સવારે ખેતરમાં તેણે આમ તેમ રમ્યા કીધું હતું. પણ તે ઘણો મોડો થઇ ગયો.

૧૩

શિયાળ અને બગલો.

૧. શિયાળે બગલાને કહ્યું, "વ્હાલા દોસ્ત, આજ રાત્રે નવ વાગે તમે આવશો અને મારી સાથે જમશો ?" બગલાએ જવાબ દીધો, "હું તેથી ખુશી થઇશ, આજ રાત્રે મને ફુરસદ મળશે તેથી હું ખુશી છું." શિયાળ ઘણું માયાળુ હતું એમ તમે ધારતા હશો; તમને શિયાળ જેવું માલૂમ પડશે તેવું તમે તેને જાણતા નથી!

૨. તમે જાણો છો તેમ બગલાને એક ઘણી લાંબી ગરદન અને એક ઘણી લાંબી ચાંચ છે જે વડે તે ખાય છે; અને બગલાને પાણીમાં ચાલવાને ઘણા લાંબા પગ હોય છે, કારણ કે, તે માછલી પર જીવે છે.

૩. અલબત શિયાળ સારી રીતે જાણતું હતું કે બગલું કોઇ પણ છાછરા (વાસણ) માંથી ખાઇ શકતું નથી. તેથી તેણે તેની આગળ એક છાછરી રકાબી મૂકી અને જે ખોરાક તેણે તેને આપ્યો તે શેરવો હતો (પણ) માછલી નહોતી. "વ્હાલા દોસ્ત, જે બધું તમે જુઓ છો તે તમે ખાવા માંડો!" શિયાળ બની શકે તેટલું મળતાવડું હતું.

૪. શેરવો એટલો સુંદર (હતો) અને સ્વાદિષ્ટ વાસ મારતો હતો કે બગલાને એકદમ ભૂખ લાગી, પીવાને તેણે પ્રયત્ન કર્યો, ફરી પ્રયત્ન કર્યો, તેણે ચાંચ બોળી, બોળી, પણ નકામી બોળી.

૫. ત્યાર પછી જ્યારે ભૂખ્યું પક્ષી પાસે ઉભું ત્યારે શિયાળ શેરવો સપાટી ગયું (ખાઇ ગયું)—તેણે રકાબી ચાટીને તદ્દન સૂકી

કરી અને ત્યાર પછી તેના હોઠ અને પછી તેના પંજા છેક છેડા સુધી ચાટયા. પછી દાંત પીસીને તેણે બુમ પાડી, "અરે, વહાલા! મને બીક લાગે છે કે તમને મારો શેરવો પસંદ પડતો નથી"

૬. બગલાએ જવાબ દીધો, "તમારો ઊપકાર માનું છું, તમે કેવા ભલા, કેવા માયાળુ છો, તમારો ખોરાક કેવો સુંદર છે! આવતી કાલે આવજો અને મારી સાથે જમજો, તમે એક સ્વાદિષ્ટ ભોજન જાશો; હું યજમાન થઈશ અને તમે મારા પરોણા થજો. હું તમને કેટલીક ઉત્તમ માછલીઓ આપીશ.

૭. શિયાળે જવાબ દીધો, "અરે હા. હું આવીશ! મને માછલીઓ ગમે છે, તે હું કબુલ કરૂં છું."

૮. શિયાળે વિચાર કીધો, "મેં ઘણી વાર સાંભળ્યું છે કે આ બગલો ઘણો મૂર્ખ પક્ષી છે; તેને મારા જેવા પેચ આવડતા નથી! હું જઇશ, હા! હા! હું તેનું ખાણું ખાઇ જઇશ."

૯. બીજે દિવસે લુચ્ચો શિયાળ હસતો હસતો કુદતો કુદતો આશરે અડધો માઇલ (છેટે) બગલાને ઘેર ગયો. બગલાએ સલામ કરીને કહ્યું, "ભલે અંદર આવો અને બેસો; ચાલો આપણે જમવાનું શરૂ કરીએ." બગલાના પોતાના વાસણ-સાંકડા મોંવાળી બરણી-માં જમવાનું પીરસ્યું હતું. તળીએ માછલીઓ મૂકી હતી.

૧૦. પણ જ્યારે તે બંને ભેગા ખાણાપર બેઠા ત્યારે શિયાળ બિલકુલ હસ્યું નહિ. કારણ કે આટલી ઉંચી તે બરણીમાં ખાવાનું ઉંડું હતું તેથી તેને કાંઈ પણ ખાવાનું મળશે કે નહિ એવો તેને શક પડયો.

૧૧. અને બન્યું પણ તેમજ; મેજ ઉપરની બરણીની બહારની બાજુ તે ફકત ચાટી શકયો. બગલો પોતાની ચાંચવડે તે બધું ખાઇ ગયો. અને હવે પેચ વગરના પક્ષીના મોઢા ઉપર સ્મિત માલૂમ પડ્યું.

૧૪

ચંદ્ર સારૂ રડતો રામ.

૧. એક સાંજે, જ્યારે રાણી કૌશલ્યા મહેલમાં રામની સાથે રમતાં હતાં ત્યારે આકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર પોતાના પૂર તેજમાં ઉગ્યો હતો. રામે તે જોયો અને રમકડાની પેઠે રમવાને સારૂ મનહર ચંદ્ર રાખવાનું તેને ઘણું મન થયું. અને તે મેળવવાનો પ્રયત્ન કરવામાં ચંદ્ર તરફ પોતાના બે નાના હાથ લાંબા કર્યા; પણ તેને શું જોઇતું હતું તે તેની મા સમજી શકી નહિ. અને તેટલા માટે તે તેને માર-વાનો યત્ન કરવા લાગી.

૨. તેને શું જોઇતું હતું તે માટે કૌશલ્યાએ તેને ઘણી વાર પૂછ્યું. અને તેમ છતાં પણ તે હજુ પણ ચંદ્ર તરફ આંગળી કરતો; તેથી તેને શું જોઇતું હતું તે આખરે તેની જાણમાં આવ્યું. પછી તેણે ધીમેથી તેને કહ્યું, "મારા વ્હાલા નાના છોકરા, ચંદ્ર મેળવવા રડતો નહિ. તે હજારો માઇલ દૂર છે અને તે છોકરાઓને રમવાનું રમકડું નથી અને કોઇ છોકરાને તે કદી પણ મળ્યો નથી. પણ મારા નાના વ્હાલા રામ, હું તને થોડાં જવાહીર લાવી આપીશ, ચંદ્ર કરતાં તે વધારે તેજસ્વી છે અને તું તેની સાથે રમી શકીશ."

૩. ત્યાર પછી તે પોતાના ઓરડામાં ગઈ અને કેટલાંક સુંદર રત્નો બહાર લાવી અને નાના છોકરા આગળ તે મૂકયાં. તેણે કહ્યું

"મારા મધુર છોકરા આની સાથે રમ." પણ રામે તે ફેંકી દીધાં અને રડવાથી તેની આંખો સૂજી ગઈ ત્યાં સુધી રડયાં કર્યું.

૪. આ વખતે ઘણી સ્ત્રીઓ તેને વિંટળાઇ વળી પણ કોઇ તેને સૂખી કરી શક્યું નહિ. એકે કહ્યું, "કદાચ તે ગુસ્સે હોય." બીજી સ્ત્રીએ કહ્યુ, "મને લાગે છે કે તે ઉંઘમાં છે." પછી કૌશલ્યાએ તેને પોતાના ખોળામાં લીધો અને ગીત ગાવા લાગી, પણ તે તેને છાનો રાખી શકી નહિ. પણ તેણે પોતાના નાના હાથથી પોતાની માને ધક્કો માર્યો અને પહેલા કરતાં વધારે મોટેથી રડવા લાગ્યો ત્યારે બધી સ્ત્રીઓએ કહ્યું, "કુંવર માંદા છે. મહારાજાને બોલાવો."

૫. શું કરવું તે રાણી કૌશલ્યાને સૂઝયું નહિ તેથી તેણે મહારાજાને બોલાવવા મોકલ્યું. મહારાજાએ સાંભળ્યું કે રામ માંદો છે ત્યારે તેણે તેને પોતાના હાથમાં લીધો અને છોકરાને આશ્વાસન આપવાને પોતાનાથી બન્યુ તેટલું કર્યું; અને તેમની પહેલાં જેમણે પ્રયત્ન કર્યો હતો તેમના કરતાં તે કાંઇ વધારે કરી શકયા નહિ, અને રામે રડયા કીધું અને તેને શાંત કરાયો નહિ.

૬. પછી મહારાજાએ પોતાના મુખ્ય પ્રધાનને બોલાવવા મોકલ્યું અને જે સઘળી હકીકત બની હતી તે તેને કહી. પ્રધાન ઘણો ડાહ્યો માણસ હતો. તેને પોતાને ઘણાં છોકરાં હતાં. જ્યારે તેણે સાંભળ્યું કે રામ ચંદ્ર સારૂ રડે છે ત્યારે તેણે આજુબાજુના માણસોને દર્પણ લાવવા ઇચ્છા બતાવી. તેથી દર્પણ લાવીને રામના હાથમાં મૂક્યું. જ્યારે તેણે દર્પણમાં ચંદ્રની છબી જોઇ ત્યારે તે હસ્યો અને તરતજ પહેલાંના જેવો આનંદી બન્યો, અને આખા કુટુંબને નિરાંત થઇ.

૧૫

ભરવાડનો છોકરો અને વરૂ.

૧. અરે ભાઇ, હું ઘેટાંની રખેવાળી કરીને એટલો બધો કંટાળી ગયો છું કે ફેરબદલો કરવા મારે શું કરવું? મેં ઘેટાંઓ ગણ્યાં છે, ઘેટાંઓનાં બચ્ચાં ગણ્યાં છે, રસ્તામાં એક વખત નહિ પણ દિવસમાં દસ વખત. હું ગણવાનું પૂરૂં કરી રહું છું કે (તરતજ) શરૂ કરૂં છું. તેઓ કદી ઓછાં થતાં નથી, તેની મને ખાતરી છે. આ જીંદગી તો મારાથી સહન થતી નથી! ફેર બદલી સારૂ મારે શું કરવું જોઇએ?

૨. કલાકના કલાક થયાં હું એક આત્માની સાથે બોલ્યો, "કેટલાક આને ખીણ કહે છે, હું તેને દર કહું છું! મને ખબર છે કે સુંદર પક્ષીઓ ગાય છે. હું વળી જાણું છું કે મચ્છરો કરડે છે! કેટલાક લોકોને શાંત અને ધીમી જીંદગી ગમે છે. મને પૂછતા હોતો આટલુંજ જાણું છું. ફેરબદલી સારૂ મારે કાંઇ પણ જોઇએ.

૩. હા! હવે સમજ પડી. હું વરૂ, વરૂ, એમ બુમ પાડીશ. બધા ગામડીઆઓ કેવા દોડશે! તેઓ આમ જોશે તેમ જોશે અને તેઓ કેવા તાકીને જોયા કરશે! ત્યારે હું તેમને કહીશ કે હું તો ફક્ત મશ્કરી કરૂં છું! હા, હું તો આમજ કરીશ,—તેઓ કહે કે આ ઠીક નથી; પણ જો તેઓ ગુસ્સે થશે તો મને તેની દરકાર નથી કારણ કે મને ફેર બદલો મળશે!

૪. ગામડીઆઓએ વરૂ, વરૂ, એવી બુમ સાંભળી. તેઓ બોલી ઉઠયા કે છોકરો જોખમમાં છે; તેથી દરેક જણે ભાલો અથવા

જે કાંઇ પાસે હતું તે લીધું અને પર્વત નીચે દોડી આવ્યા. જ્યારે તે છોકરાએ ટોળાને જોયું ત્યારે તે મોટેથી હસ્યો અને કહ્યું, (અહીંઆં તો) કાંઇ બન્યું નથી! આટલો બધો અવાજ કરશો નહિ, ઘેટાં બધાં વિખરાઇ જશે; મારે તો ફક્ત ફેરબદલો જોઇતો હતો."

૫. તે મૂર્ખ ભરવાડના છોકરાએ એક બે કરતાં વધારે વખત આવું કર્યું. ગામડીઆઓએ કહ્યું, "તેણે આપણને ત્રણ વાર છેતર્યા છે; આ છોકરો આપણને ગાંડા બનાવી મૂકશે! જ્યારે તે વરૂ એવી બુમ પાડશે ત્યારે આપણે ત્યાં જઇશું નહિ અને જ્યારે તેની બુમથી આપણે કોઇ જઇશું નહિ એમ તેને માલૂમ પડશે (કારણકે આપણે ફેરબદલો કરવો જોઇએ છે) ત્યારે ઘણા આશ્ચર્યથી તે પોતાની આંખો ઉઘાડશે."

૬. આખરે એક ભયાનક દિવસે એવું બન્યું કે એક વિકાળ ભુરૂં વરૂ નજીક આવ્યું અને ઘેટાં અને ઘેટાનાં બચ્ચાં રમતાં હતાં તેમના ઉપર કૂદી પડયું અને કેટલાંકને તેણે મારી નાંખ્યાં અને કેટલાંકને તે તાણી ગયું જે વખતે તે ભરવાડના છોકરાએ બીકથી બુમો પાડી. તેણે "વરૂ! હો! હો!" એમ મોટેથી બુમો પાડી, પણ કોઇ આવ્યું નહિ. કારણ તમે જાણો છો અને જે છોકરાને ફેરબદલો જોઇતો હતો તે છોકરા ઉપર તે કુદી પડયું ત્યારે તે વરૂ આનંદથી હસ્યું.

૧૬

મુર્ખ કબુતર.

૧. એક વખત કબુતરોનો રાજા પોતાના સાથીઓ જોડે જંગલમાં ઉંચે હવામાં આમ તેમ ઉડતો હતો.

૨. સવારે વ્હેલાં ચંદ્ર આથમવાની તૈયારીમાં હતો તેવામ પક્ષીને પકડી અને વેચીને પોતાનું ગુજરાન ચલાવનાર એક પારધીએ જમીન ઉપર થોડા ચોખાના દાણા વેર્યા હતા તેની ઉપર તેણે એક ઘણી ઝીણી જાળ પાથરી હતી પછી તે પાસેની એ ઘટ્ટ ઝાડીમાં જઇને સંતાઇ રહ્યો હતો.

૩. કબુતરોના રાજાએ આમ તેમ ઉડતાં જમીન ઉપરના ચોખા દીઠા. તે એકદમ થોભ્યો અને પોતાના સાથીઓની જોડે એક ઉંચા આંબા ઉપર ઉતર્યો, તેણે બીજા કબુતરોને પૂછ્યુ " આપણે નીચે ઉડીને પેલા ચોખા ખાઇશું ? "

૪. એક ઘરડા અને ડાહ્યા કબુતરે કહ્યું કે ના. આ ડાંગરનું ખેતર નથી, આતો જંગલ છે. ડાંગર જંગલમાં ઉગતી નથી. આ દાણા અહીં ક્યાંથી આવ્યા ? મને ભય રહે છે કે અહીં કાંઇક દગો છે અને આપણને કદાચ નુકશાન થશે, આપણે જોખમમાં પડવું નહીં.

૫. એક બહાદુર જુવાન અને દુનિયાના જ્ઞાન વિનાના કબુતરે કહ્યું " તે બધું તદ્દન સત્ય છે, પણ આપણને થોડા ખોરાકની જરૂર છે. અહીં આપણને કોઈ ઇજા કરી શકે તેવું દેખાતું નથી. બેશક જોખમ છે, જંગલમાંતો હમ્મેશાં જોખમ હોય છે. મને ઘણી ભૂખ લાગી છે, અને હું પેલા ચોખામાંના થોડા ખાવા ઇચ્છું છું. તે કેવા સુંદર દેખાય છે ! "

૬. આટલું કહેતાંની સાથે તે નીચે ઉડયો અને બીજાં કબુતર તેના પાછળ પાછળ ઉડયાં દરેક કબુતર ચોખાની પાસે

પહેલાં પહોંચવાનો પ્રયત્ન કરવા લાગ્યું. જલ્દીથી તેઓ નીચે આવ્યા અને એકદમ જમીન ઉપર ગોઠવાઇ ગયા. એકાએક તેઓ જાળમાં સપડાયા. પછી જે કબુતરના શબ્દોએ તેમને જાળમાં નાખ્યા હતા તેને તેઓ ગાળો દેવા લાગ્યા.

૭. તેમના રાજાએ કહ્યું " ના, ના. તેનો વાંક કાઢો નહીં. આપણે બધા દોષ પાત્ર છીએ અતિ લાલસાએ આપણને જાળમાં સપડાવ્યા છે. પણ આપણે વાતમાં વખત કાઢવો જોઇએ નહીં. હું કોઇને આ બાજુ આવતો જોઉં છું. તો આપણે એકદમ નાસીશું નહીંતો આપણું આવી બન્યું છે. આપણા પગ જાળમાં સપડાયાછે અને જાળને જમીન સાથે ખીલાથી બાંધી છે. પણ આપણે ઘણા છીએ. ચાલો આપણે એકી વખતે ઉડીએ અને આપણા બધા જોરથી આંચકો મારીએ, અને તેમ કરવાથી ખીલીઓ નીકળી પડશે.

૮. આ શીખામણ સાંભળીને કબુતરોએ તેમના રાજાના કહેવા પ્રમાણે કર્યું તેઓ બધાં સાથે ઉભાં થયાં અને જાળ સહિત ઉડયાં પારધી દોડતો આવ્યો, પણ તે ઘણો મોડો થયો. તે તેમની પાછળ દૂર જંગલની બ્હારનાં ખેતરો સૂધી દોડયો પણ તે નકામું ગયુ. કબુતરો ઝડપથી ઉડે છે અને પારધી થાકીને પાછો ફર્યો.

૯. કબુતરોએ પોતાના રાજાને પૂછ્યું—" આપણે શું કરશું ? આ જાળમાંથી આપણે કેવી રીતે છૂટા થઇ શકીએ ? તેમાંથી આપણે આપણા પગ બ્હાર ખેંચી કાઢી શકતા નથી."

૧૦. તેમના રાજાએ જવાબ આપ્યો—" ગઇ રાત્રે આપણે સૂતા હતા તે મ્હોટા ઝાડ ઉપર દક્ષીણ દીશામાં ઉડો ત્યાં આગળ

મ્હારો એક મિત્ર છે જે આપણુને મદદ કરશે. તે ઉંદરોના રાજા છે. એક મ્હોટા સીંહ જેને શીકારીઓએ જોસથી દોરડા વડે બાંધ્યો હતો તે દોરડાં કાપી કકડા કરી નાખી તેણે એક વખત તેને છૂટો કર્યો હતો. તે તરતજ આ જાળને કરડી કકડા કરી નાખશે. ઝાડને તળીયે એક દરમાં તે રહે છે."

૧૧ કબુતરોનું ટોળું પછી તે મ્હોટા ઝાડ તરફ ઉડયું. ઉંદરોનો રાજા ઝાડ નીચેના એક ઉંડા દરમાં રહેતો હતો. તેના દરને બ્હાર જવાના ઘણા રસ્તા હતા જેથી કરીને જો એક રસ્તેથી કોઇ દુસ્મન અંદર પ્રવેશ કરે તો તે બીજે રસ્તેથી નાસી જાય. જ્યારે કબુતરો ઉડતાં નીચે આવ્યાં ત્યારે તે પોતાના દરમાંથી બ્હાર ડોકીયાં કરતો હતો. તેમના રાજાને ઓળખીને તે તેમને મળવાંને બ્હાર દોડી આવ્યો તેણે બુમ મારી–" મ્હારા મિત્ર, શું થયું છે ? તમારા ઝાડ ઉપર આટલી થોડી વારમાં તમે કેમ પાછા આવ્યા ? તમે કાંઇ બહુ ઉતાવળમાં લાગો છો હું તમને કોઈ પણ રીતે મદદ કરી શકું તેમ છું ?"

૧૨. કબુતરોના રાજાએ જવાબ વાળ્યો–" મ્હારા વ્હાલા ઉંદર અફસોસની વાત છે અમે આ જાળમાં સપડાઇ ગયા છીએ, અને અમારી જીંદગી બચાવવાને અમે માંડ માંડ છુટી નીકળ્યા છીએ. એક ઘાતકી પક્ષીને પકડનાર પારધી દૂર સુધી અમારી પછવાડે પડયો, પણ છેવટે અમે અત્રે આવી પહોંચ્યા છીએ, જેવી રીતે જંગલના રાજા મહાન સીંહને તમે મદદ કરી હતી તેમ તમેજ ફક્ત અમને મદદ કરી શકશો."

૧૩. ઉંદરના રાજાએ કહ્યુ–" અલબત્ત હું તમને મદદ કરીશ. મુસ્કેલીના વખતમાં મદદ કરવા તેયાર ન થાય તેવા મિત્રનું શું

કામ ? ' પછી તે પોતાના તીક્ષ્ણ નાના દાંત વડે કરડવા મંડયો અને થોડી વારમાં જાળના કાપીને કડકા કર્યા. એક પછી એક તે કબુતરો છૂટા થયા અને જાળના કકડા ઉંદર પોતાના દરમાં ઘસડી ગયો. તેણે સૂચના કરી કે તેમને સુવા માટે તેનો સુંદર માળો બનશે.

૧૪. આભાર નીચે આવેલા કબુતરોએ તેના માયાળુપણા માટે તેનો ઉપકાર માન્યો, તેઓ બોલી ઉઠયા– " મિત્ર હોય તે કેવું સારૂં છે તે હવે અમને માલૂમ પડે છે. અણી વખતે મિત્ર થાય તેજ ખરેખર મિત્ર છે, અને રામ રામ કરી તેઓ ઉડી ગયા.

૧૭

કંજુસ અને તેનું સોનું.

૧. પોતે બનાવેલા ખાડામાં એક કંજુસ પોતાનો ખજાનો રાખતો હતો તે જોવાને તે હમ્મેશાં આવતો આજ કેવળ તેનો આનંદ હતો.

૨. એક વખત એવું બન્યું કે તે પોતાના ખાડા ઉપર વાંકો વળતો હતો તેવામાં એક બહાદુર ચોરે તેને જોયો અને ચોર તેજ રાત્રે પાછો આવ્યો અને તેનું સોનું ઉપાડી ગયો.

૩. જ્યારે તે ઘરડા માણસને માલુમ પડયું કે તેનો ખજાનો ઉપડી ગયો છે ત્યારે તેણે એવોતો અવાજ કરી મૂકયો કે તેના બધા પાડોશીઓ દોડી આવ્યા અને પૂછયું કે શું છે ?

૪. તેણે કહ્યુ– "મધ્ય રાત્રે એક ચોર મ્હારૂં સોનું ઉપાડી નાસી ગયો" તેના પાડોશીઓએ કહ્યું– "મ્હેરબાની કરી અમને કહોકે તમારૂં સોનુ ચોરાઇ ગયું તે પહેલાં તમે તેનું શું કર્યું હતું?"

૫. તેણે કહ્યું– "હું તે જોવાને રોજ આવતો અને હવે હું શું કરૂં?" તેના મિત્રોએ જવાબ આપ્યો– "તમારે રોજ આવવું અને તેને બદલે ખાડા તરફ જોવું."

૧૮

આપાજી અને હાથીઓ.

૧. એક મ્હોટા શહેરમાં એક વ્હેપારી રહેતો હતો અને તેને ત્રણ દીકરા હતા. જ્યારે તેને મરવાનો વખત આવ્યો ત્યારે પોતાની મીલ્કત વ્હેંચી આપવાને તેણે પોતાના દીકરાઓને બોલાવ્યા.

૨. તેણે તેમને કહ્યું–"મ્હારા વ્હાલા દીકરાઓ મ્હારે હવે બીજી દુનિયામાં જવાનો વખત આવ્યો છે, જ્યાં હું મ્હારી સાથે કશું લઈ જઇ શકું તેમ નથી. મ્હારી પાસે જે સઘળું છે તે હું તમને આપું છું. મ્હારી પાસે ઘણા પૈસા, ઘણાં જવાહીર, ઘોડા, ગાય, ઘર અને બીજી ચીજો છે. આ તમારે તમારી વચ્ચે સરખે ભાગે વ્હેંચી લેવાં.

૩. "તમે જાણો છો તે પ્રમાણે મ્હારી પાસે બધાને સારા ચીન્હવાળા સત્તર હાથી છે. તેને કદી વેચતા નહીં. તેમની ઘણી સંભાળ લેજો. આ હાથીમાંથી અડધા હું મ્હારા સૌથી મ્હોટા

દીકરાને આપું છું. એક તૃતિઆંશ મ્હારા બીજા દીકરાને અને એક નવમાંસ સૌથી ન્હાના દીકરાને આપું છું. દરેક દીકરાએ પોતાના હાથી લેવા અને તેમની સંભાળ લેવી.” આ પછી તરતજ તે વેપારી ગુજરી ગયો.

૪. છોકરાઓએ પોતાના બાપની મૃત્યુક્રીયા યથાવિધિ કરી, ઘણા માણસોને જમાડયા, અને ગરીબ માણસોને ઘણા પૈસા આપ્યા. જ્યારે બધું પુરૂં થયું ત્યારે તેમણે તેમના બાપની મીલ્કત તેના કહ્યા પ્રમાણે વ્હેંચી લીધી. દરેક છોકરાએ પોતાનો ભાગ હાથ કર્યો.

૫. પણ જ્યારે તેઓ હાથીઓની પાસે આવ્યા ત્યારે શું કરવું તે તેમને સૂઝયું નહીં. સત્તરને બે, ત્રણ અને નવે કેવી રીતે ભાગવા! ઘણા માણસની મદદ તેમણે માગી, પણ કોઇ તે પ્રમાણે કરી શક્યું નહીં. છેવટે સૌથી મ્હોટા છોકરાએ કહ્યું—“ચાલો આપણે આપાજીરાવ પ્રધાનને ત્યાં જઇએ. તે ડાહ્યા પુરૂષ છે. જો તે આ મુદ્દો પતવી શકે નહીં તો બીજું કોઇ તો તેમ કરી શકેજ નહીં.”

૬. પછી તેઓ કીમતી બક્ષીસ પોતાના હાથમાં લઇ પ્રધાનને ત્યાં ગયા અને તેમને માનપૂર્વક સલામ ભરી પોતાની વાત જાહેર કરી. તેમને જે કહેવાનું હતું તે પ્રધાને સાંભળ્યું અને કહ્યું—“ઘેર જાઓ. આવતી કાલે હું આવીને તમારા પિતાની મરજી પ્રમાણે હાથી તમારી વચ્ચે વ્હેંચી આપીશ.”

૭. બીજે દીવસે આપાજી પોતાના હાથી ઉપરની અંબાડીમાં બેસી વ્હેપારીને ઘેર ગયો. વ્હેપારીના દીકરાઓએ તેનો ઘણા માન સાથે આદર સત્કાર કર્યો અને તેને એક માન ભરેલી જગ્યા આપી. પ્રધાને કહ્યું—“તે સત્તર હાથીને બ્હાર લાવો.” હાથીને લાવવામાં આવ્યા અને એક હારમાં ઉભા રાખવામાં આવ્યા.

૮. આપાજીએ કહ્યું-" હવે મ્હારો હાથી બીજાની સાથે મૂકો અને દરેક જણ પોતાનો ભાગ લ્યો." વ્હેપારીના દીકરા ઘણા ખુશી થયા કે તેઓને એક બીજો હાથી પણ મળશે અને તેઓ તેને વ્હેંચવા લાગ્યા.

૯. સૌથી મ્હોટા છોકરાએ નવ લીધા. બીજાએ છ લીધા અને સૌથી ન્હાનાએ બે હાથી લીધા. પછી આપાજીએ તેમને કીધું— "હવે દરેકને પોતાનો પૂરતો ભાગ મળ્યો છે?" તેઓએ જવાબ આપ્યો—"હા," પ્રધાને સૂચના કરી કે-"જો તેમ હોય તો મ્હારો હાથી મ્હને પાછો મળે છે." તેણે આ પ્રમાણે કહી લીધું કે તરતજ તે પોતાના હાથી ઉપર આરૂઢ થઈ ઘેર ગયો.

૧૦. બધા લોકોએ આપાજીના ડહાપણના વખાણ કર્યા અને છોકરાઓ ખુશી થયા કે તેમનો મુદ્દો પતી ગયો અને તેમના બાપની ઇચ્છા પરિપૂર્ણ થઇ.

૧૯.

હંસ અને સોનાનું ઇંડું.

૧. એક ઘરડી ભૂરી હંસીએ એક સોનાનું ઇંડું મૂક્યું અને આખો દીવસ આનંદથી અવાજ કરવા લાગી. પોતાના માલેકને આ ખજાનો આપવાના વિચારથી તે ઘણીજ આનંદ અને સુખ પામી.

૨. જ્યારે ખેડુત સવારે પોતાનો આરામ લઇ ઉઠયો ત્યારે તે ભાગ્યેજ પોતે દીઠું તે માની શકયો અને તેનાથી ચળકતી ચીજને માળામાં સુંદર રીતે ગોઠવાયેલ તેણે જોઇ.

૩. તેણે કહ્યું–" શું તે સોનું છે? અથવા તો તે શું હશે? શું કોઇ મને ઠગવા માગે છે?" પોતાને મળેલી ચીજનું તે શું કરે છે તે જોવાની રાહ જોતી એ આંખને તેણે જોઇ નહીં તેમજ તેણે હંસીને આ પ્રમાણે કહેતાં સાંભળી નહીં–"મ્હારા ઉપર ભરૂસો રાખો. તે ઠગાઇ નથી. તમે સાચું સોનુંજ જૂઓ છો. તમારાં દેવાં પતાવવાને તમારી પાસે પુષ્કળ પૈસા છે અને જો કે તે જરા વિચિત્ર જણાશે પણ હું બીજાં ઘણાં (ઇંડાં) મૂકીશ."

૪. અને તેણીએ તેજ પ્રમાણે કર્યું તેને દીવસે દીવસે એક ઇંડું મળવા લાગ્યું. તેણે પોતાનાં દેવાં પતાવી દીધાં, કેટલીક ગાયો ખરીદી, અને જમીનનો એક ટકડો ખરીદ્યો.

૫. અને તેના પાડોશીઓ આશ્ચર્ય પામ્યા અને અંદર અંદર વાતો કરવા લાગ્યાં અને કહેવા લાગ્યા કે– " હવા પાણી ગમે તેવાં હોયતો પણ તેઓ જેને અડે છે તે સોનું બની જાય છે, તે તમે જૂઓ છો ને એનું કારણ શુ હશે ? એવો શો ભેદ હશે ? " અને તે ભૂરી હંસી બોલી ઉઠી– " તે બધું મ્હારા લીધે છે. "

૬. તે માણસના મનમાં એક દુષ્ટ વિચાર આવ્યો અને અફસોસ તેની ઓરત પણ તેની સાથે એક મત થઇ. તેઓએ કહ્યું– " હંસીને ઇંડુ મૂકવાની મરજી આવે ને મૂકે ત્યાં સુધી રાહ જોવી તે મોડું થાય ચાલો આપણે હંસીને મારી નાખીએ અને તેનામાં જેટલું સોનું હોય તેટલું બધું એકી સામટું મેળવી લઇએ તેઓએ હંસીને તેજ દીવસે મારી નાખી અને તેણી ફરીને કદી એકે ઇંડું મૂકી શકી નહીં. આમાંથી એવી શીખામણ છે કે જે

હંસી સોનાનું ઇંડું મૂકતી હોય તેને કદી મારી નાખશો નહીં છોકરાઓ, તમારી પાસે જે હોય તેથી સંતોષ પામો. આની અંદર એજ શીખામણ સમાયેલ છે.

૨૦

લોભીયો કંજુસ.

૧. દખણના એક જંગલમાં એક ઘરડો વાઘ રહેતો હતો અને તે એટલો બધો નબળો પડી ગયો હતો કે તે જંગલના હરણ-નો શીકાર કરી શકતો ન હતો. (તેથી) માણસો જે હરણની પેડે દોડી શકતાં નથી તેમને પકડવા માંડયું હતું.

૨. આખરે તે એટલો બધો નબળો પડી ગયો કે તે માણસના જેટલો પણ ઉતાવળે દોડી શકવા લાગ્યો નહીં. શું કરવું તે તેને સુઝયું નહીં. તે વખતે તેને એક સોનાની બંગડી જડી. તેણે પોતાના મનમાં વિચાર કર્યો—અહા ? આ સોનાની બંગડી મને કાંઇ કામની નથી કારણ કે વાઘ બંગડી પહેરતા નથી. પણ કદાચ કોઇ લાલચુ માણસને પકડવામાં મને તે મદદગાર થઇ પડશે." પછી તે જંગલની વચમાં પાણીના એક નાળાને કાંઠે બેઠો. નાળાનું તળીયું જાડા કાદવથી ભરેલું હતું તેથી કરીને જો કોઈ અંદર જાય તો સ્હેલાઇથી તે પાછો નીકળી શકે નહીં.

૩. જ્યારે તેણે નાળાની બીજી બાજુએ કોઇને પસાર થતાં જોયો ત્યારે તેણે કહ્યું "ઓ ! ઓ ! અહીંયાં એક સુંદર સોનાની બંગડી છે. આવો ને લેઇ જાઓ." પણ દરેક જણ તેને જોઇને નાશી જવા લાગ્યાં

૪. આખરે એક કંજુસ જે પોતાની જીંદગી કરતાં પણ સોનાને વધારે કીમતી ગણુતો હતો તે પસાર થયો. જ્યારે તેણે વાઘના શબ્દો સાંભળ્યા ત્યારે તે ઉભો રહ્યો. તેણે પોતાના મનમાં કહ્યું "આજે મ્હારૂં નશીબ ચડીઆતું છે. તે બંગડી લેવાની મને કેટલી બધી ઇચ્છા છે પણ તેમ છતાં મ્હારે મ્હારી જીંદગી જોખમમાં નાખવી જોઇએ નહીં. પણ દરેક નફો જોખમ ખેડવાથીજ મળે છે. શું કરવું તેનો મને વિચાર કરવા ઘો.' પછી તેણે વાઘને કહ્યું 'તારી બંગડી કયાં છે?'

૫. વાઘે પોતાનો પંઝો આગળ ધરીને કહ્યું "આ રહી." કંજુસે કહ્યું "હં! હું ત્હારા જેવા ઘાતકી વાઘપર ભરૂસો રાખી શકું? જો હું ત્હારી પાસે આવું તો તું મને મારી નાખે."

૬. વાઘે જવાબ આપ્યો "સાંભળ! જ્યારે હું ન્હાનો હતો ત્યારે તો હું કબુલ કરૂં છું કે હું ઘણો ખરાબ હતો. મ્હારો ખરો ખોરાક મ્હારા ધારવા પ્રમાણે હરણ હતું અને જંગલના હરણને મારવા માટે કોઇ મારા ઉપર દોષ મૂકશે નહીં. પણ હું ગામડાંઓમાં જતો અને ગાયોને મારતો. હું માણુસોને અને બ્રાહ્મણોને પણ મારતો."

૭ "પણ હવે મારા ઘડપણમાં મારાં કર્મને માટે મને પસ્તાવો થાય છે. મારાં પહેલાંનાં ખરાબ કર્મોનો બદલો વાળવાને હવે હું સારૂં કરવા ઇચ્છું છું. મેં સાંભળ્યું છે કે ગરીબને ભીક્ષા આપવી તે સારામાં સારી વસ્તુ છે. તેથી આ સોનાની બંગડી લઈ તેને કોઇ ગરીબ માણુસને આપવા માટે હું અહીં બેઠો છું. તું ઘણો ગરીબ દેખાય છે. માટે હું તે તને આપીશ. બીતો ના. હું ઘણો ઘરડો છું અને મારા દાંત અને નખ બધા નીકળી પડયા છે. મને ઇચ્છા થાય તોપણ હું તને ઇજા કરી શકું તેમ નથી."

૮. જ્યારે તે કંજુસે આ વાત સાંભળી ત્યારે સોનું મેળવવાની તેની ઇચ્છા એટલી બધી તીવ્ર થઇ કે તે જરા પણ રાહ જોઇ શકયો નહીં. તે નાળામાં ચાલવા લાગ્યો ત્યાં તેને માલૂમ પડયું કે તે કાદવમાં ચોંટી ગયો છે અને ખશી શકે તેમ નથી.

૯. વાઘે કહ્યું "ચાલ્યો આવ, અને બંગડી લઇ જા. આ રહી તે તૈયાર તારા માટે." કંજુસે કહ્યુ "અફસોસ હું કાદવમાં ચોંટી ગયો છું અને ખશી શકતો નથી."

૧૦. વાઘે કહ્યું "ઓહ, ઓહ! શું એમ થયું છે? હું તારા માટે ઘણો દીલગીર છું. જ્યાં છે ત્યાં તું ઉભો રહે. હું નીચે આવું છું અને તને ઘસડી જઇશ." આટલું કહેતાંની સાથે તેણે તેના ઉપર કુદકો મારી તલપ મારી. વાઘ ભૂખ્યો હતો અને થોડી વારમાં કંજુસના શરીરનો કોઇ ભાગ રહ્યો નહીં. સોનાના મોહે તેની જીંદગીનો ભોગ લીધો.

૨૧

બ્રાહ્મણ અને ભીલ.

૧. એક વખત એક માયાળુ મરાઠા બ્રાહ્મણ પૂનામાં રહેતો હતો. હજારો વર્ષ ઉપર ડુંગરાઓમાં રહેતા ઘણા જુના વખતની ભીલ જાત વિષે તેણે સાંભળ્યું હતું. તેઓ જંગલી માણસો છે અને વાંચી કે લખી શકતા નથી. તેઓ જંગલી પ્રાણીઓનો શીકાર કરીને ગુજરાન ચલાવે છે અને બાણ અને ધનુષ શાસ્ત્રમાં ઘણા પ્રવીણ હોય છે. તેમાંના કોઇ જુજ માણસોએ કદી ચોપડી જોઇ હોય છે.

૨. તે બ્રાહ્મણને બીલ લોકોને કાંઇક સારૂં કરવાની ઇચ્છા થઇ તેથી તે લોકોનું ઘર જે જંગલ છે ત્યાં તે ગયો, અને ત્યાં થોડો વખત તે એક ઝુંપડામાં તેની સ્ત્રી જે તેની રસોઈ રાંધતી તેની સાથે રહ્યો. અહીં તેણે થોડી દવા રાખી હતી. પહેલાં તો જંગલી બીલો તેનાથી બીતા હતા પણ જ્યારે તેમને માલુમ પડયું કે તે તેમના તરફ ઘણો માયાળુ અને ભલો છે ત્યારે તેઓ તેની પાસે મળવાને આવવા લાગ્યા અને વાત કરવા લાગ્યા. જો કોઇ ભીલ માંદો પડતો તો તે તેને દવા આપતો અને તેને સાજો કરવાનો પ્રયત્ન કરતો.

૩. એક દીવસ તે બ્રાહ્મણ જંગલમાં દૂર ફરવાને ગયો. ત્યાં એક ઝાડ ઉપર કેટલાંક સુંદર ફૂલ તેણે જોયાં. તેણે વિચાર કર્યો કે થોડાં હું ઘેર મ્હારી સ્ત્રી માટે લઇ જાઉં પણ જ્યારે તેણે પોતાનું ગજવું તપાસ્યું ત્યારે તેને માલુમ પડયું કે તે પોતાનું ચપ્પુ ભૂલી ગયો છે. તે તેને ઘેર રહી ગયું હતું.

૪. એક ભીલ મિત્ર તેની પાસે ઉભો હતો. બ્રાહ્મણે વિચાર કર્યો કે " હું તેને મારા ચપ્પુને માટે મોકલીશ. તે જંગલના બધા ટુંકા રસ્તા જાણે છે અને મારા ઝુંપડે તે મારા કરતાં વધારે વ્હેલો પહોંચશે. મારી સ્ત્રી મારૂં ચપ્પું કયાં છે તે જાણે છે, પણ જો હું બીલ મારફત કાંઇ સંદેશો મોકલાવું તો તે ભૂલ કરે. હું તેના ઉપર ચીઠી લખી આપીશ!" જ્યારે તેણે પોતાનો હાથ તેના ગજવામાં નાખ્યો ત્યારે તેને જણાયું કે તેના પાસે કાગળ કે પેન્સીલ કાંઇ નથી.

૫. તે બ્રાહ્મણે પછી કોયલાનો એક કકડો ઉચકીને પાસે પડેલા એક ધોળા પથ્થર ઉપર આ શબ્દો લખ્યા–'મારી છરી મોકલો" પછી તેણે ભીલને કહ્યું–" તું આ પથ્થર મારે ઘેર મારી સ્ત્રી પાસે લઇ જઇશ અને તે તને જે આપે તે લાવીશ?"

૬. ભીલે પૂછ્યું–" મારે તે બાઇને શું કહેવું ?" બ્રાહ્મણે જવાબ આપ્યો–" કાંઇ કહેતો નહીં, મારે કહેવાનું છે તે તે પથ્થર તેને કહેશે." ભીલે કહ્યું—"પથ્થર વાત કરી શકે છે ?" બ્રાહ્મણે કહ્યું–"હા."

૭. ભીલ કાંઇ વધારે બોલ્યો નહીં પણ પથ્થર લઇને દોડી ગયો. તે તરતજ ઝુંપડા આગળ પહોંચ્યો, બ્રાહ્મણ પત્નીને નમસ્કાર કર્યા અને તેને તે પથ્થર આપ્યો. તેણીએ પોતાના પતિના દસ્કત ઓળખ્યા અને છરી લઇ તેને આપી.

૮. તેણે તેણીને કહ્યું—" દાક્તરને આનીજ જરૂર છે તે તમે કેવી રીતે જાણ્યું ?" બાઇએ કહ્યું–" પથ્થરે મને કહ્યું" ભીલ તો તાજુબ થઈ ગયો. તે છરી બ્રાહ્મણ પાસે લઇ ગયો અને પછી પોતાના ગામડામાં દોડી જઇ પોતાના મિત્રોને કહ્યું. તેઓ બોલી ઉઠ્યા—" જુઓ આપણો બ્રાહ્મણ કેવો હોંશીઆર છે. તે પથ્થરને વાત કરાવી શકે છે."

૨૨.

લાકડીઓની ભારી.

૧. એક ભલો ઘરડો માણસ ઘણો દુખી હતો, કારણકે જો કે તેને ત્રણ જોરાવર દીકરા હતા તોપણ તે દરેક એક બીજાને ધીક્કારતા અને દરેક જણ પોતાના ભાઇની સાથે દરરોજ લડતો. તેને લાગ્યું કે જે જ્યાં સુધી તેમના કજીઆને અટકાવે નહીં ત્યાં સુધી તે નિરાંતે જીવી શકશે નહીં.

૨. એક દીવસ તેણે એક નોકર પાસે થોડી લાકડીઓ મગાવી અને તેમને દોરીવડે એક ભારીના રૂપમાં બંધાવી. તે માંદો હોવાથી

પોતાની પથારીમાં પડયો હતો. પછી તેણે પોતાના દીકરાઓને પોતાની આસપાસ બોલાવ્યા અને પોતાના સૌથી મ્હોટા દીકરાને કહ્યું–

૩. "મારા દીકરા, આ લાકડીઓ ભાંગવાનો પ્રયત્ન કર." તેણે પ્રયત્ન કર્યો પણ તેમ કરી શકયો નહીં. બીજાએ પ્રયત્ન કર્યો અને પછી ત્રીજાએ પ્રયત્ન કર્યો. મ્હારા સાંભળવા પ્રમાણે દરેકે પોતાનાથી બનતો પ્રયત્ન કર્યો. તેઓએ ઘણા આંચકા માર્યા પણ તે અફળ ગયા. એટલું તો સ્પષ્ટ હતું કે તેઓ લાકડીઓને ભાંગી શકયા નહીં.

૪. પછી બાપે કહ્યું–"છોકરાઓ, ઉતાવળ કરો અને દરેક જણ એકેક લાકડી ભાંગો." એ શબ્દો બોલાયા નહીં તેટલામાં તો દરેક લાકડીના ભાંગીને કકડા થયા.

૫. બાપ બોલી ઉઠયો–"સંપ જોર છે. જ્યાં સુધી તમે એક બીજાની જોડે ઉભા રહેશો અને એક બીજાને મદદ કરશો ત્યાં સુધી કોઈ પણ માણસ તમને ઇજા કે નુકશાન કરી શકશે નહી. સાથે રહેવાથી તમે સહીસલામત અને સુખી રહેશો. પણ જો એક વખત જુદા પડશો તો તમે બધા એક સામટા નીચે પડશો. (માર્યા જશો.)

૨૩

ગીધ પક્ષી અને બીલાડી.

૧. ગંગા નદીને કીનારે એક મ્હોટું અંજીરનું ઝાડ હતુ જેમાં ઘણાં પક્ષીઓ રહેતાં હતાં. થડ પોલું હતું અને તેમાં એક ઘરડું ગીધ રહેતું હતુ અને તેણે એક વખત ઘણા સુખી દીવસ દીઠા હતા.

હવે તે ઘરડો અને નબળો થઇ ગયો હતો. તેના નખ ઘસાઇ ગયા હતા અને તે અડધો આંધળો થયો હતો. તે હવે ઉડી શકતો નહતો અને પોતાના દરની બ્હાર ડાળ ઉપર બેસવું પણ તેને માટે અઘરૂં થઈ પડયું હતું. તેનું નામ ગ્રેહેડ (ઘોળા માથાવાળું પક્ષી) હતું.

૨. જે પક્ષીઓ ઝાડમાં રહેતાં હતાં તેમણે પોતાની આખી જીંદગી સુધી તેને ઓળખેલ હતો કારણ કે તે તે બધાના કરતાં વધારે ઘરડો હતો. તેઓ તેના ઉપર દયા લાવતા અને તેને ખાવા માટે દરરોજ ખોરાક લાવી આપતા અને આ રીતે તે પોતાનું ગુજરાન ચલાવતો.

૩. તેના બદલામાં, ગીધ પક્ષીઓના માળાની સંભાળ રાખતો. જોકે તે ઘરડો અને નબળો પડી ગયો હતો તેમ છતાં તે એવડો મ્હોટો હતો અને એવો બીહામણો અને જોરાવર દેખાતો હતો કે જ્યાં સુધી તે ત્યાં હોય ત્યાં સુધી તેના માળામાંથી કોઇ બચ્ચાંને ગમે તેવો બાજ, કે સમળી કે બીજું કોઇ શીકારી પક્ષી હીંમત ધરતું નહીં. ઘરડાં પક્ષીઓ ખોરાકની શોધમાં પોતાના માળાઓને ગ્રેહેડને સોંપી કોઇ પણ જાતની ધાસ્તી વીના ઉડી જતાં હતાં

૪. એક દીવસ જ્યારે બધાં ઘરડાં પક્ષીઓ ઉડી ગયાં હતાં ત્યારે " લાંબ કાન વાળી " એ નામની એક બીલાડી ઝાડનાં આસ પાસ થઇ છાની માની આવી. તેણીએ તે ગીધ જેને માટે કોઇ દીવસ તેણે સાંભળ્યું ન હતું તેને જોયો નહીં અને તેથી તેણી ઝાડ ઉપર પક્ષીઓને શોધવાને ચડી કારણ કે બીલાડીઓ ન્હાનાં પક્ષી તેમજ ઉંદર ઉપર જીવે છે. જ્યારે બચ્ચાંઓએ બીલાડીને જોઇ ત્યારે તેઓ ઘણાંજ બીધાં અને એટલી બધી ચીચીઆરી કરી મૂકી કે

તેથી ઘરડો ગ્રેહેડ જે પોતાની જગ્યામાં ઉંઘતો હતો તે જાગી ઉઠયો.

૫. ગીધ ખોખરા અવાજે બોલી ઉઠયો—" કોણ આવે છે ?" જ્યારે લૉંગ ઇઅર્સે તેને સાંભળ્યો ત્યારે તે ચમકી—તેણીએ ઉંચું જોયું અને તે બીહામણા પક્ષીને જોઇને તે બીધી અને વિચાર કરવા લાગી કે તેણીની છેલ્લી ઘડી આવી છે. તે ઉડી શકે તેમ ન હતી, તેથી તેણીએ વિચાર કર્યો કે મીઠા અને ખુશામત ભરેલા શબ્દોની શી અસર થાય છે તે જોઉં.

૬. તેણીએ ધીમેથી કહ્યુ—"મ્હારા સાહેબ સાહેબજી." ગીધે જોરથી પૂછ્યું "તું કોણ છે ?" લૉંગ ઇઅર્સે નરમાશથી પૂછ્યું—"હું બીલાડી છું." ગ્રેહેડે ધમકીથી કહ્યું—" એકદમ જતી રહે નહીં તો હું તને મારી નાખીશ."

૭. બીલાડીએ આંખો નીચે ઢાળીને કહ્યું—" મ્હારા સાહેબ, હું મરવાને તૈયાર છું, પણ પહેલાં મ્હેરબાની કરીને મ્હારે કહેવાનું છે તે સાંભળો." ગીધે પૂછ્યું—" ત્હારે અહીં શું કામ છે ? મ્હારા ઝાડ-માં તું કેમ આવી છે ?"

૮. બીલાડીએ કહ્યું—" કૃપા કરી મ્હારા શબ્દો સાંભળો. હું આ પવિત્ર નદીને કીનારે રહું છું અને પવિત્ર બ્રાહ્મણની માફક અપવાસ કરૂં છું. બીજી બીલાડીઓની માફક હું માંસ ખાતી નથી મ્હારો ખોરાક મૂઠીભર ચોખા અને મળેતો થોડુ દૂધ છે. હું આખો દીવસ પવિત્ર પુસ્તકો વાંચુ છું. જે ઝાડ નીચે હું રહું છું ત્યાં આવતાં પક્ષીઓ મને કહે છે કે તમે ઘણા ભલા અને ડાહ્યા છો અને બધું જાણો છો. તેઓ કહેછે કે તમારી ડાળ ઉગર બેસી તમારો વખત

તમે સમાધીમાં ગાળો છો. તેથી મ્હેરબાન સાહેબ હું તમારી પાસેથી આજ્ઞાઓ (સૂત્ર)મને શીખવવાની યાચના કરવા આવી છું. શાસ્ત્રમાં નથી કહ્યું કે અજાણ્યા માણસો તરફ દયા બતાવવી તે સારૂં છે! મ્હેમાનને મારી નાખવો તે આતિથ્ય કરનારને માટે વ્યાજબી છે ? એક ગરીબ અજાણ્યાનું આતિથ્ય કરવું તે ફરજ નથી ? "

૯. ગ્રેહેડે કહ્યું—" આ બધું ઘણું સાચું છે. પણ આ ઝાડ નાના બચ્ચાંઓથી ભરેલું છે અને બીલાડીઓ પક્ષીઓને મારી નાંખે છે. તેથી મ્હેં તને જતા રહેવાને કહ્યું."

૧૦. લૉંગ ઇઅર્સે કહ્યું—" માફ કરો મ્હારા મહેરબાન. હું એક પવિત્ર અને ભલી બીલાડી છું. હું કોઇને ઇજા કરતી નથી. હું પવિત્ર પુસ્તકની અંદરની આજ્ઞાઓ પાળું છું. તમને મને શીખવવા માટે વખત ન હોય તો પણ મહેરબાની કરીને આ ઝાડમાં તમારા દરના એક ખૂણે તમારી બાજુમાં મને રહેવા દ્યો. આપણા બન્નેને માટે પૂરતી જગ્યા છે. હું છેવટે કોક વખત તમારા મુખ ઉપર દૃષ્ટિ નાખીશ અને તમારા કામ નિહાળીને ડહાપણ શીખીશ. જેઓ સારા માણસોની સત્સંગતીમાં રહે છે તે પણ સારાં થાય છે."

૧૧. બીલાડીને આ પ્રમાણે બોલતાં સાંભળીને ઘરડો ગીધ ઘણોજ ખુશ થયો. તેણે કાંઇ જવાબ આપ્યો નહીં પણ ફરીને ઉંઘમાં પડયો. બીલાડીએ પછી ઝાડના દરના એક ખુણામાં પોતાનું રહેઠાણ કર્યું દીવસે દીવસે જયારે ઘરડાં પક્ષીઓ જતાં રહેતાં અને ગીધ ઉંઘી જતો ત્યારે તે કોઈ ન્હાનાં બચ્ચાંને ચોરી જતી. તે એક બચ્ચાંને અહીં અને બીજાને ત્યાં એમ ઉપાડી જતી જેથી કરીને બધાં સામટાં ખોવાઇ જાય નહીં.

૧૨. પણ થોડાજ દીવસમાં માળા ખાલી થવા માંડયા. ઘરડાં પક્ષીઓએ પોતાના બચ્ચાં ખોવા માંડયાં. એક રાત્રે જ્યારે તેઓ પાછાં આવ્યાં ત્યારે તેમણે એક મંડળ ભર્યું અને એવું નક્કી કરવામાં આવ્યું કે બીજે દીવસે સવારે ઘણીજ બારીક તપાસ કરવી. જે કહેવામાં આવ્યું તે બીલાડીએ સાંભળ્યું અને રાતમાં તે છાનીમાની ગીધના દરમાંથી પસાર થઇ ગઇ અને નાશી ગઇ.

૧૩. બીજે દીવસે અજવાળું થતાંની સાથે પક્ષીઓએ આખા ઝાડમાં જોયું. આખરે તેઓ ગીધના દરમાં આવ્યા અને ત્યાં એક ખૂણામાં પોતાના બચ્ચાંના હાડકાં તેમની નજરે પડયાં. તેઓ બુમ મારી ઉડયાં–" ગીધે આપણને દગો દીધો છે ! તેણે આપણાં બચ્ચાં ખાધાં છે. " તેઓ એકી સામટા તેના ઉપર પડયાં અને તેને ચાંચ મારી મારી નાખ્યો.

૧૪. મરતાં મરતાં તેણે કીધું–" અજાણ્યા માણસના લુચ્ચાઇ અને ખુશામત ભરેલા શબ્દ સાંભળવાથી શું પરીણામ આવે છે તે આ છે. "

૨૪.

આવવા અને જવા વચ્ચેનો તફાવત.

૧. શંકરરાવ નામે એક જમીનદાર કોઇ એક ગામડામાં રહેતો હતો. તેના બાપાએ રાજાને માટે સારૂં કામ કર્યું હતું જેને માટે તેણે તેને જમીનનો મ્હોટો કકડો વગર કરે આપ્યો હતો.

૨. શંકરરાવ બેદરકાર અને મૂર્ખ જુવાનીઓ હતો. પોતાની જમીન ખેડવાને તેણે નોકર રાખ્યા અને તેમના ઉપર તેણે

કદી દેખરેખ રાખી નહીં. તે આળસમાં ઘેર રહેતો અને તેના બાપે મૂકેલા તમામ પૈસા તેણે થોડા વખતમાં ઉડાવી દીધા કારણ કે તેને ફક્ત આનંદ ભોગવવાનાજ વિચાર આવતા. ચાર વર્ષમાં તે મ્હોટા દેવામાં આવી પડયો. જે શાહુકારે તેને પૈસા ધીર્યા હતા તેણે તેને એટલું બધું દુઃખ આપવા માંડયું કે તેણે પોતાનું દેવું ભરી દેવા માટે પોતાની અરધી જાગીર વેચી નાખી. બીજી અડધી શીવાપ્પા નામના એક ખેડુતને તેણે ભાડે આપી કારણ કે જાતે ખેડીને તે તેમાંથી કાંઈ નફો મેળવી શકે તેમ ન હતું.

૩. શીવાપ્પા મહેનતુ અને ડાહ્યો માણસ હતો. તે જાતે ખેતરમાં જતો અને એક નોકરની મદદથી જમીન ખેડતો તેમાં તેણે સારૂં ખાતર પૂર્યું અને સારાં બી વાવ્યાં. જે પાક તેણે લણ્યો તે ભાડા માટે આપેલ તેના કરતાં ચાર ગણું વધારે કીમતી હતું તેણે ઘણા ખરા પૈસા બચાવ્યા કારણ કે તે પોતાની જાત માટે ઘણા થોડા પૈસા ખરચતો, તેની જરૂરીયાતો થોડી હતી અને તે સાદું જીવન ગાળતો. પાંચ વર્ષમાં તેણે મ્હોટી રકમ બચાવી.

૪. એક સવારે શંકરરાવ પોતાના ઘોડા ઉપર બેઠો અને પોતાને થોડું કામ કરવાનું હોવાથી તેણે ભાડે આપેલ ખેતરની પાસે થઇને પસાર થયો. શીવાપ્પાએ તેને પાસે થઇને સ્વાર થઇ જતાં જોયો અને તેની જોડે વાત કરવાને ખેતરની બાજુએ આવ્યો તેણે કહ્યું—"શેઠજી, મેં સાંભળ્યું છે કે તમે આ ખેતર વેચી નાખવા માગો છો, જો તેમ હોયતો હું તે વેચાતું લેવાને ખુશી છું. બીજાઓ આપે તેના જેટલુંજ હું તમને આપીશ. મને તે આપો."

૫. જમીનદાર આશ્ચર્ય પામ્યો અને કહ્યું—" મ્હારી પાસે હેં મ્હારા પાસેથી ભાડે લીધી તેના કરતાં બમણી જમીન હતી.

મ્હારે કાંઇ ભાડું આપવાનું ન હતું. તેમ છતાં હું દેવામાં ઉતર્યો અને મારી અરધી જાગીર ખોઈ મ્હારી પાસે હતું તેના કરતાં ત્હારી પાસે અરધુંજ છે. તું મને ભાડું આપે છે અને તેમ છતાં પાંચ વર્ષમાં તેં તે ખરીદવા પૂરતું બચાવ્યું છે. તે કેવી રીતે બન્યું ?"

૬. શીવાપ્પાએ જવાબ આપ્યો–" શેઠજી, કારણ માત્ર એજ શબ્દમાં સમાયેલું છે. તમે કહ્યું-"જા" અને મ્હેં કહ્યું–"આવ."

૭. શંકરરાવે કહ્યું–"તું શું કહેવા માગે છે ? મ્હેં કોને જવાનું કીધું અને ત્હેં કોને આવવાનું કહ્યું ?"

૮. શીવાપ્પાએ કહ્યું–" શેઠજી, તમે તમારા નોકરને કહ્યું 'જાઓ અને ખેતર ખેડો.' તમે જાતે ત્યાં કદી જતા નહીં. જ્યારે તેમને માલુમ પડયું કે તેમના ઉપર કોઇની દેખરેખ નથી ત્યારે તેઓ અડધુંજ કામ કરવા લાગ્યા. તમે કાંઇ કર્યાં વિનાના ઘેર બેસી રહો છો. સવારે અને બપ્પોરે તમે ઉંઘો છો."

૯. હું તો સવારમાં વ્હેલો ઉઠું છું. હું મ્હારા નોકરને કહું છું કે મારી સાથે ચાલ–હું આગળ જાઉં છું અને તે પાછળ આવે છે. ત્યાં તમે તેને હમણાં ખેડતો જૂઓ છો. સૂર્ય ઉગ્યો ત્યારથી અમે સખત મજુરી કરીએ છીએ. હું તેની સાથે સાથે કામ કરૂં છું અને કહું છું " આ કર–તે કર " હું ન જાઉં ત્યાં સુધી તે ખેતરમાંથી જતો નથી. અમે આખો દીવસ સખત કામ કરીએ છીએ અને ફક્ત રાત્રેજ ઘેર આવીએ છીએ. આથીજ હું નફો મેળવું છું અને તમને ફરી મળ્યું નહીં."

QUESTIONS AND ANSWERS.

I

Q I Give a short summary of the lesson about the Power and Wisdom of God.

Q II What questions did the schoolmaster ask Hashim?

A (1) Can you read and write? (2) Can you count? (3) Can you tell *where God is*? (4) Can you tell *what God knows*? (5) Can you tell what God can do?

Q III What answers did Hashim give to the schoolmaster's questions?

A Hashim replied that he knew how to read and write and he also knew how to count as he knew some arithmetic. But he said that he should first of all know three things before he could answer the three questions about God and he asked three questions in his turn viz. (1) Can you tell *where God is not*? (2) Can you tell *what God does not know* and (3) *what God cannot do*?

Q IV Can any positive statement be made about God so long as the negative is not known ?

A No. That was inactly the reason why Hashim asked the three negative questions to the schoolmaster. If the schoolmaster could not answer the negative questions how could the pupil be expected to answer his positive questions ?

2

Q I What story is told of King Edward the Seventh's kindness as Prince of Wales ?

A One day Prince Edward saw a boy sobbing near the palace gate. He asked the reason for it. The boy wanted to see the Queen but was stopped from entering the palace by the soldier on guard, Prince Edward took him to Queen Victoria who talked sweetly to the lad and sent him off with a piece of gold. The boy even though he became old remembered the Queen's and the Prince's kindness and preserved the coin as a treasure.

Q II What is the moral of the story? A. Although great and kind persons die yet their kind and good actions live for centuries behind them in the hearts of the people.

3

Q I Summarise the story above "Planting trees for others."

A Once a king was out hunting. He saw an old man planting a mango tree. The king and his followers laughed at the old man's folly, because he still hoped to eat the fruit of his tree. But when the old man said that he planted the tree not for himself but for his children the king was pleased and gave him ten rupees. The old man thought that he had not planted the tree in vain.

Q II Give the moral of the story.

A. No kind of labour is ever wasted. To work for others is not only a duty but is not also without its reward.

4

Q I What is a bat?

A. A bat is not a bird but a flying mouse.

Q II What do you know about a flying-fox?

A. The flying foxes are a kind of bats. They have thick fur and their heads are like those of foxes. They hang by their claws in shady trees and they are often found in large numbers. They feed upon fruit.

Q III When can bats see clearly?

Q IV Where do bats generally live?

A. In dark places, caves, corners, holes in walls, roofs and old buildings.

5

Q I Show why the bats hide themselves during day-time.

Q II In what way did the bat claim to be both a beast and a bird.

Q III Explain and translate stanza 7 of the poem.

6

Q I Explain and give Gujarati meanings of the following :—

(1) Scale-pan (2) To hold court (3) To go to law (4) To dismiss (5) To try the case (6) Crammed (7) Scratch (8) Upright (9) The trial is over (10) To take trouble for nothing.

Q II Why did the cats go to law?

Q III What is the moral of the story?

A. We should not quarrel nor should we desire to take what is really other's. We should be satisfied with what we get.

7

Q I Translate and explain fully in Gujarati:—
(a) Stanza 3, (b) They have enough they must endure, without an unkind word, (c) The good, the joy which it may bring, Long days to come shall tell, (d) It is better far, to rule by love than fear.

Q II Why should we speak gently?

A. We should speak gently because it is better to rule by love than by fear. No good can be had by saying harsh words. Sweet words impress great lessons into the minds of little children. The care worn

hearts of the old are still more grieved by unpleasant words. The poor should not be further pained by harsh tones. The good and the joy obtained by sweet and loving words last long.

8

Q I Why is the rose called the Queen of Flowers.

A. Because it is both beautiful and sweet.

Q II What difference is there between garden rose and wild rose ?

Q III Who found out rose-attar ? and how ?

A. Nurjehan, the Queen of the Mogul Emperor, Jehangir, found out the rose-attar or otto of roses. She used to bathe in water scented with roses. Once the roses happened to remain in the water for two or three days and Nurjehan found a sort of oil floating on the surface of the water. On touching it she found it to be very sweet-scented. In this way she found out perfume of roses which she called Attar of Jehangir.

Q IV Show how Attar of Roses is made ?

9

Q I Give Gujarati meaning of :—(1) Bygone days (2) Sniff (3) Boaster (4) Grunting (5) To have to do with.

Q II Give the moral of the poem.

A. We should have nothing to do with a boaster. An unfaithful friend should at once be given up.

Q III What do you know about the tailor and the carpenter who met a big brown bear ?

Q IV Translate into Gujarati and explain stanza 9 of this poem.

10

Q I What do you know about rice ? when and where it is grown ?

A. More than half the people of the world eat rice. It grows well in hot countries where there is plenty of water. The rice-plant is called paddy. The grain is called rice. When the rainy season begins the farmers plough the fields very soft and sow paddy seeds. When the rice plants are about one foot high they are pulled

out and the young-plants are pushed into mud. These young plants soon take roots and begin to grow. They want much water. After two months the paddy becomes ripe and at the end of each stalk fifty or sixty grains of rice grow. The paddy changes its colour from green to brown and then to yellow. Then the paddy is reaped. Then the grain is parted from the straw by being trampled under the feet of oxen. When the grain is separated, it is winnowed through a sieve and the small bits of straw are blown away and the paddy falls down in a heap.

11

Q.I Give the Gujarati meanings of (1) To plod away (2) Ear of wheat (3) Sunny day (4) Rainy day.

Q.II What lesson did the ant teach the grass-hoppers?

A. Lay up store for the rainy day when the season is fair.

Q.III Explain in Gujarati:—(a) Stanza 3 (b) Stanza 1.

12

Q I What do you know about late Lateef ?

A. Lateef was a boy eight years old. He had kind parents. On the whole he was a good and obedient boy, but he had one bad habit. He never went to school in time. So he was called late Lateef. He never posted his brother's letters in time. Once there was a fair in a town some twenty miles away from his home. Lateef and his parents wanted to go there in a railway train. The train was to start at half-past eight. His father had told him to be ready to go to the station at eight. But Lateef was out playing at eight o'clock. His parents thinking that he must have gone to the station went there but did not find him there. They purchased the tickets, but still Lateef was not found on the station. As the train was on the point of starting they took their seats and waited for Lateef. As the train whistled a boy was seen running along the platform. It was Late Lateef. He shouted

to stop the train but the train did not wait for him and started off.

Q. II What is the moral of the story?

A. We should be regular in our works and should do them in time.

13

Q. I Give the meanings of the followings:—(1) peck (2) Could eat of nothing flat (3) Help yourself to all that you see (4) Tasty (5) Lapped up the soup—quite dry (6) With a grin (7) Wiles (8) Trotted off (9) So it turned out (10) And the smiles were now on the face of the bird without wiles (આ લીટી કોનાથી, ક્યારે અને ક્યા સંબંધમાં બોલાયેલ છે તે બતાવો.)

Q. II Give the moral of the poem. A-" Tit for tat." is the moral of the story. Play a trick against those who play one against you and bring them to shame once for all.

Q. III What kind of beast is a fox and what kind of bird is a stork?

14

Q. I Explain—(1) In all its splendour. (2) A plaything (3) Darling (4) His eyes were swollen with weeping (5) Sleepy (6) To quiet (7) To console (8) Were at ease.

Q. II Give a short summary of the story about "Rama crying for the moon." A–One evening Ranee Kaushalya was playing with Rama, when the moon rose in all its splendour. Rama wanted to have the moon. Kaushlya at first did not understand what he wanted. At last when she came to know that Rama was crying for the moon she tried to pursuade him by giving him jewels. But Rama would not be consoled. He began to cry very much. So the Maharajah was sent for. The Maharajah also failed to console him. Then he sent for his wise minister who ordered a mirror to be given in Rama's hands and Rama was pleased on seeing the image of the moon in the mirror.

Q.III What is the moral of the story—A. The cry for the moon is as vain and unreal

as the image in a mirror. (To cry for the moon—કોઇ પણ વસ્તુ કદી પણ મળી શકે તેવી ન હોય તેને માટે રડવું તે.)

15

Q. I Give the meanings of–(1) To stare (2) To be in fun (3) There is nothing the matter (4) Clatter (5) Tricked.

Q. II What is the moral of the story? A–We should not make shameful fun of others otherwise someday it would ruin us, as the shepherd boy was killed by the real wolf for his fun of the villagers.

Q III What do you know about "The shepherd boy and the wolf"?

16

Q I Briefly summarise the story.

A. One day the king of the pigeons was flying in the air in a forest with a flock of his followers. A fowler had strown some grains of rice on the ground and over them he had spread a thin net. When the king of the pigeons saw the grains he

stopped and wanted to fly down to eat the grains. One of them who was wise said that perhaps it was a trick, but hearing the words of a foolish young and bold pigeon they all came down and were caught in the net. Seeing the fowler the king asked them all to fly with the net and they did so. But their feet were caught in the threads and they could not get out. The fowler ran after them but could not catch them. Then the king of the pigeons said that at the foot of a big tree one of his friends—the king of the mice was living. He would set them free by biting the threads as he had made a lion free. So they flew to the tree and were freed by the king of mice who took the threads away for making a nice bed to rest on.

Q II Give the moral of the story.

A. Do not be led into temptations (લાલચો) and do not follow the advice of foolish young persons.

17

Q I What do you know about "The Miser and his Gold?"

Q II What is the moral of the story?

A. Misers lost all that they collect.

18

Q I Explain—(1) Soon after this the merchant breathed his last breath. (2) Funeral ceremony.

Q II Give the substance of the story in English:-

A merchant had three sons. When he was on the point of dying he called his sons and told them to divide his property equally. His property consisted of houses, money, jewels, horses, cows, and other things. He had also seventeen elephants. He said that his eldest son should take half of them and his second son should take one-third and his third son should get one-ninth of the elephants. Soon after the father died and the sons performed a splendid funeral ceremony. Then they divided their father's property equally between them.

But they could not divide the elephants according to their father's wish. They asked many persons to help them. But they too could not do. Seventeen could not be divided dy two, three and nine. At last they went to the minister Appajirao who was a very wise man. The minister noxt day went to their house on an elephant and putting his own elephant along with the seventeen he asked them to divide them. The eldest took nine, the second son took six and the youngest took two. Then Appaji took back his elephant and went home. All people praised Appaji's wisdom and the sons were very much pleasod.

19

Q I What do you know about the Goose and the Golden Egg?

Q II What is the moral of the story?

A. Don't kill a goose that lays an egg of gold. Contentment is the greatest happiness. Greed ends in misery.

Q III Explain-(1) No matter what wind or weather. (2) Quacked (3) His wife, alas ! fell in with the plan (4) Could scarcely believe his eyes (5) To play a trick on.

20

Q I Explain :—(1) He had taken to catching men (2) This gold bangle is of no use to me. (3) A miser loved gold even more than life (4) I am in luck to-day (5) All gain is got by some risk (6) No one can blame a tiger for killing deer (7) To make up for (8) To give alms to (9) Love of gold cost him his life (આગળ પાછળનો સંબંધ આપીને આ વાક્ય સમજાવો).

Q II Give the moral of the story.

A. Love of gold costs one's life.

Q III Give a short summary of the story.

21

Q I Explain:-(1) Are very good shots (2) To do good to (3) He felt his pocket (4) Short cuts.

Q II What do you know about the Bheels?

Q III Write a short substance of the story about "the Brahmin and the Bheel."

22

Q I Explain:-(1) Each tried his best (2) To break to bits (3) To stand side by side (4) To stand shoulder to shoulder and arm to arm (5) Union is strength.

Q II Give the moral of the story.

A. Union is strength. We should not quarrel but should live peacefully with each other Otherwise we are sure to be ruined.

Q III What do you know about the "old man and his bundle of sticks."

Q IV Give a story to illustrate (દાખલો આપી સાબીત કરવાને) that union is strength.

23

Q. I What is the moral of the story about "the Vulture and the Cat"? A—We should never trust the flattering and deceitful words of a stranger because they bring ruin to us.

Q. II Give a short summary of this lesson.

Q. III Explain and give the Gujarati meanings of the following-(1) Were worn out. (2) In return. (3) Formidash (4) Birds of prey. (5) To search for (6) In the charge of. (7) Prowling (8) Perch (9) In a threatening tone (10) Deign (11) To hold a council. (12) Has played us false (13) Pecked him to death.

Q. IV. What flattering words did the cat say to tho vulture?

24

Q. I What is the difference between "Come" and "Go"?

Q II Give the meanings of-(1) Rent free (2) To spend littlo on oneself (3) The reason lies in two words only.

Q III What difference do you find between Shivappa and Shankerrao.?

Q IV Give tho moral of the story. A.—Do not fall into pleasures. Work hard or else in idleness you would lose everythig you have.

25

Q I Explain—(1) Might was right. (2) Many a slave (3) Glade (4) Footsore (5) A whining, whimpering, moaning sound (6) Right on and on he went (7) Picked himself up (8) Moan of pain (9) Had worked its way (10) The runaway slave (11) It would be a very fine sport (12) Condemned to death (13) Made the boldest hold his breath. (14) Bounds to the side of the lonely man. (15) Androcles and his lion for ever are free (આ વાક્ય આસપાસનો સંબંધ આપી સમજાવો)

Q II What do you know about the old slaves?

Q III What do you know about the old times? What kind of people did then live?

Q IV What do you know about Androcles and the Lion?

Q V Give the moral of the story. A—If you do good unto others, others will do good unto you...Obliging deeds done are never forgotted.

26

Q I Give the meanings of:—(1) As usual (2) Cleft (3) A little while after (4) Jammed (5) To pry into matters which one has nothing to do with (6) To have to do with (7) Wedge.

Q II Give a short substance of the story about the monkey and the Wedge.

Q III What is the moral of the story?

A. We should not be over curious. We should not try to pry into matters with which we have nothing to do.

27

Q I Give the meanings of:—(1) The school was over (2) Stood by (3) I would rather lose all the trees in my garden, than hear my son tell a lie (આસપાસનો સંબંધ આપી આ વાક્ય પૂરેપૂરૂં સમજાવો) (4) It was said of him that he was First in War, First in Peace, and First in the hearts of his countrymen (આસપાસનો સંબંધ આપી આ વાક્ય પૂરેપૂરૂં સમજાવો.)

Q II What do you know about Washington as a boy?

Q III Give the moral of the story.

A. Never tell a lie although you may be punished by telling the truth for your fault. Never try to hide your fault.

28

Q·1 Give the meanings of (1) Toiling on at your side (2) passers by (3) With a frown. (4) We can *but* try (આ વાક્યમાં But નું parsing કરો.

Q II Give the moral of this story. A.– Those who try to please all are sure to please none. Do as your conscience bids you to do. Don't believe what others say about your proper actions.

Q III Give a short summary of the poem about "Trying to please evrybody".

29

Q I Give the meanings of (1) To stray away. (2) Wicked cur. (3) Under my very eyes. (4) With all his might. (5) In a rage. (6) He nearly died. (7) To meddle in a matter which does not concern you.

Q II Give the moral of the story. A—Mind your business and do not meddle with what does not concern you.

Q. III Give a brief summary of the lesson about the Washerman's Donkey.

30

Q. I Give the meanings of (1) The fox was cunning as fox could be (2) Swift of foot. (3) To divide the spoil (4) Stanza 12 (પૂરે-પૂરો સમજાવો.)

Q. II What do you know about the Lion's Share.

A. The largest share is called the lion's share

Q. III Give an instance to illustrate the meaning of the words " the Lion's Share."

Q. IV Give the moral of the story.

A. It is good to be clever, it is good to be swift, it is also good to be strong, but it is best to be just. Never try to have the lion's share because by doing so you will ruin others and you will also ruin yourself.

FINISH.

શુદ્ધ મીનીંગોની જાહેર ખબર.

કીંગ પ્રાયમરના અર્થ	૦—૪—૦
ન્યુ ઇંગ્લીશ પ્રાયમર ૨ જાના અર્થ.	૦—૬—૦
ન્યુ ઇંગ્લીશ રીડર ૧ લાના અર્થ.	૦—૮—૦
૨ જાનો ,,	૦—૧૦—૦
૩ જાનો ,,	૦—૧૨—૦
૪ થાનો ,,	૦—૧૨—૦
ન્યુ ઓરીયન્ટલ ૪ થાના શુદ્ધ અર્થ.	૦—૧૦—૦
ન્યુ ઓરિયન્ટલ ૫ માના શુદ્ધ અર્થ.	૦—૧૨—૦
બ્લેક લીટરરી રીડર ૨ જાની નોટ.	૦—૧૨—૦

ગોલ્ડન બર્ડની નોટ.	૦—
વર્ડ્ઝ ફ્રોમ પોએટ ૪ થાની નોટ.	૦—
૫ માની નોટ.	૦—
૬ ઠાની નોટ.	૦—
ધ લૅન્ડ ઑફ લામાની નોટ	૦—
ઍાલ્ફ્રેડ રીડરની નોટ	૧—
પાઠમાળા ૧ લાની નોટ	૦—૨—
,, ૨ જાની ,,	૦—૨—૬
,, ૩ જાની ,,	૦—૩—૦
,, ૪ થાની ,,	૦—૩—

ઉપરની તમામ જાતની ટેક્સ્ટ બુકોપરની નોટો બહાર પડેલા મીનીંગોમાં શ્રેષ્ઠ છે. બીજા ઘણા મીનીંગો બહાર પડ્યા છે; પણ ઉપલા મીનીંગોની ખૂબી તો જુદીજ છે. માટે ઉપલા મીનીંગોજ વાપરવાની ભલામણ કરીએ છીએ. ઉપરના મીનીંગો ખરીદવાથી ડીક્ષનરીની જરૂર રહેતી નથી.

આ સીવાય દરકોઇ ઇંગ્રેજી—ગુજરાતી પુસ્તક સારૂં ને સસ્તું જોઇએ તો તરત નીચેના સ્થળેથી મંગાવી લેશો. એકઝામીનેશન વખતે ઉપયોગી થઇ પડે તેવી જૂદા જૂદા વિષયોની જૂદી જૂદી નોટો—કી—વિગેરે વેચાતી મળશે. 'સૂચીપત્ર' મફત મંગાવી લેશો.

તમામ જાતનાં પુસ્તકો વેચનાર
ગીગારોડ—અમદાવાદ. } **રણછોડલાલ મોતીલાલ શાહ.**